ધી સધર્ન ગુજરાત
ચેમ્બર ઓફ કોમર્સ
એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

ચેમ્બર ઓફ કોમર્સનું મુખપત્ર

# સમૃદ્ધિ

RNI REG. NO. 15069/ 1968

VOL.: 56 / ISSUE 5 / DEC. 2023




MISSION 84
SGCCI GLOBAL CONNECT

#GROW_GLOBALLY_WITH_SGCCI

# ACTIVITIES OF SGCCI

SGCCI MISSION 84 GLOBAL CONNECT

Signature BUSINESS CLUB

SGCCI EDUCATION & SKILL DEVELOPMENT CENTRE
सा विद्या या विमुक्तये
SESDC
SGCCI EDUCATION HUB

SBC SGCCI BUSINESS CONNECT
support & promote...

GFRRC
GLOBAL FABRIC RESOURCE & RESEARCH CENTRE
(An Initiative of SGCCI)

SGCCI WOMEN ENTREPRENEUR CELL

કાયમી સમાધાન પંચ

NGT CENTRE SURAT

SOUTH GUJARAT PRODUCTIVITY COUNCIL
Est. 1992

GOLDEN JUBILEE AWARDS

SURAT CITYZEN'S COUNCIL TRUST
SCCT

ચેમ્બર ઓફ કોમર્સનું મુખપત્ર
સમૃદ્ધિ

SGCCI infozine
e-newsletter - Monthly

## પ્રમુખ સ્થાનેથી...

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો દુબઇના વેપારીઓ સાથે સીધા સંપર્કમાં આવી શકે, જેથી કરીને તેઓ પરસ્પર એકબીજાને પ્રોડકટ અને સર્વિસિસની લે - વેચ કરી શકે. સાથે જ તેઓની વચ્ચે વ્યાપારિક સંબંધો ગાઢ બને અને ભારતથી એક્ષ્પોર્ટમાં વધારો થાય તે માટે ચેમ્બર ઓફ કોમર્સ સતત પ્રયાસો કરી રહયું છે.

સુરતના ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓ, તેઓની ટેક્ષ્ટાઇલ અને જેમ્સ એન્ડ જ્વેલરી સહિતની વિવિધ પ્રોડકટ દુબઇ ખાતે સરળતાથી એક્ષ્પોર્ટ કરી શકે તે માટે પ્રયાસના ભાગ રૂપે ચેમ્બર ઓફ કોમર્સના પદાધિકારીઓએ દુબઇ ખાતે વિવિધ ઔદ્યોગિક સંગઠનો, ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વૈશ્વિક સ્તરે પ્લેટફોર્મ પૂરું પાડતી તેમજ આ દિશામાં માર્ગદર્શનની સેવા આપતી સંસ્થાઓ સાથે મિટીંગો કરી હતી.

વિશ્વના જુદા-જુદા દેશોમાં નેટવર્ક ધરાવતી ટ્રેડીંગ ઓર્ગેનાઇઝેશન કેસીઆઇ ગૃપ, દુબઇ ગ્લોબલ કનેક્ટ, દુબઇમાં ઉદ્યોગ સાહસિકોને બિઝનેસ કરવા હેતુ કંપનીઓ શરૂ કરવા ઈન્ફ્રાસ્ટ્રકચરની સુવિધા પૂરી પાડનાર DUQEના જનરલ મેનેજર અને દુબઇના બ્લેક સ્વાન બિઝનેસ સેટઅપ સર્વિસિસના વાઇસ પ્રેસિડેન્ટ સાથે મુલાકાત કરી હતી. ચેમ્બરના હોદ્દેદારોએ આ કંપનીઓના પ્રતિનિધિઓને સુરતના ઉદ્યોગકારો - વેપારીઓને દુબઇમાં બિઝનેસ સેટઅપ કરવા તેમજ ઓફિસ શરૂ કરવા માટેની જરૂરિયાતોને પૂર્ણ કરવા મદદરૂપ થવા વિનંતી કરી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારોએ દુબઇ ખાતે ટેક્ષમાસના ચેરમેન સહિતના હોદ્દેદારો સાથે મિટીંગ કરી સુરતના ઉદ્યોગકારોની ટેક્ષ્ટાઇલ પ્રોડકટ દુબઇના બિઝનેસમેનોને કઇ રીતે એક્ષ્પોર્ટ કરી શકાય? તે અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ ઉપરાંત દુબઇ મલ્ટી કોમોડીટીઝ સેન્ટર (DMCC)ના પ્રતિનિધિઓ સાથે મિટીંગ કરી સુરતના ઉદ્યોગકારો વૈશ્વિક કક્ષાએ બિઝનેસ કરી શકે તે માટે સહયોગ કરવા અનુરોધ કર્યો હતો.

મિશન ૮૪ અંતર્ગત આફ્રિકાના વિવિધ દેશો સાથે પણ સીધો વ્યાપાર કરવા માટે સુરતના ઉદ્યોગકારોને તકો આપવા હેતુ પ્રયાસો કરવામાં આવી રહયા છે. જેના ભાગ રૂપે તાન્ઝાનિયાના હાઇ કમિશ્નર તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે મિટીંગ કરી હતી. સુરતના ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓને આંતરરાષ્ટ્રીય વ્યાપાર માટે વિવિધ પ્રોડકટની ઈન્કવાયરી પ્રદાન કરવા હેતુ અઝાઈકો ગ્લોબલ એલએલપી કંપની સાથે એમઓયુ સાઈન થયા હતા. મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત નોલેજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સાથે એમઓયુ થયા હતા.



**રમેશ વઘાસિયા, પ્રમુખ**

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મિશન ૮૪ અંતર્ગત સુરતના ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓને વિશ્વના જુદા-જુદા દેશોના બિઝનેસમેનો સાથે સીધો સંપર્ક સધાય અને તેઓ સુરતથી તેઓને એક્ષ્પોર્ટ કરી શકે તે માટે સઘન પ્રયાસો કરવામાં આવી રહયા છે અને તેના અંતર્ગત મિટીંગોનો દૌર આગળ ધપાવવામાં આવી રહયો છે. સાથે જ વિવિધ દેશોના બિઝનેસમેનોના ડેલીગેશનોને સુરત ખાતે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો સાથે વન ટુ વન બિઝનેસ મીટ માટે આમંત્રિત કરવામાં આવી રહયા છે.

મિશન ૮૪ અંતર્ગત ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા થઇ રહેલા પ્રયાસોમાં સાથ સહકાર આપવા નમ્ર અનુરોધ છે અને જે ઉદ્યોગકારો અને વેપારીઓ આ પ્રોજેકટ અંતર્ગત બનાવવામાં આવેલા ઓનલાઇન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મની સાથે જોડાઇને ભારતથી એક્ષ્પોર્ટ વધારવા માટે સહકાર આપી રહયા છે તેઓનો હૃદયના અંતઃકરણથી આભાર વ્યકત કરું છું.

જય હિન્દ, જય જય ગરવી ગુજરાત....

## INDEX


| | | |
|---|---|---|
| 1 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મિશન ૮૪ અંતર્ગત તાન્ઝાનિયાના હાઈ કમિશ્નર સહિતના પ્રતિનિધિ મંડળ સાથે ઈન્ટરેકટીવ સેશન યોજાયું | 06 |
| 2 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સુરત ઈકોનોમિક ફોરમ અંતર્ગત નીતિ આયોગના સિનિયર એડવાઈઝર ડો. અન્ના રોય તથા તેમની ટીમ સાથે મિટીંગ યોજાઈ | 09 |
| 3 | ચેમ્બર તથા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ અને સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે 'આઈપીઓપ્રિન્યોર્સ ૩.૦'કાર્યક્રમ યોજાયો | 15 |
| 4 | દક્ષિણ ગુજરાતના જીઆઈડીસી સંબંધિત પ્રશ્નો અંગે ઉદ્યોગકારો અને જીસીસીઆઈની બેઠક યોજાઈ | 17 |
| 5 | ચેમ્બર દ્વારા ગુજરાત રાજ્યના પર્યાવરણ મંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે જીપીસીબીના રિજનલ ઓફિસર ડો. જિજ્ઞાસાબેન ઓઝાને પ્રશસ્તિ પત્રક આપી સન્માનિત કરાયા | 18 |
| 6 | ચેમ્બરની '૭મી નેશનલ એચઆર કોન્કલેવ'નું ભારતીય નેવીના નેવલ સ્ટાફના ચીફ એડમિરલ આર. હરિ કુમારના હસ્તે ઉદ્ઘાટન | 19 |
| 7 | ચેમ્બર ઓફ કોમર્સ ખાતે ગુજરાતના ઉદ્યોગ કમિશ્નર સાથે ઉદ્યોગકારોની મિટીંગ મળી | 22 |
| 8 | 'ફ્યુચર રેડી 5F: વિકસિત ભારત માટે ગુજરાતનું ટેક્ષ્ટાઈલ વિઝન'ના થીમ પર યોજાયેલા ટેક્ષ્ટાઈલ અને એપેરલ સેકટર માટેના સેમિનાર દરમ્યાન 'વિવિંગ ટ્રેડિશન એન્ડ ટેકનોલોજી' વિષય પર પેનલ ડિસ્કશન યોજાયું | 23 |
| 9 | મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત નોલેજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સાથે એમઓયુ થયા | 24 |
| 10 | દુબઈ ખાતે મિશન ૮૪ અંતર્ગત વિવિધ ઔદ્યોગિક સંગઠનો અને બિઝનેસ ગૃપો સાથે મિટીંગ | 26 |



## OFFICE BEARERS

**રમેશ વઘાસિયા**
પ્રમુખ

**વિજય મેવાવાલા**
ઉપ પ્રમુખ

**હિમાંશુ બોડાવાલા**
તત્કાલીન પૂર્વ પ્રમુખ

**નિખિલ મદ્રાસી**
માનદ્ મંત્રી

**કિરણ ઠુમ્મર**
માનદ્ ખજાનચી

સલાહકાર
**પ્રફુલ્લ એચ. ગાંધી**

તંત્રી
**નિખિલ મદ્રાસી**

સહ તંત્રી
**વિપુલ સાસપરા**

'સમૃદ્ધિ' મેગેઝીન કો. ઓર્ડિનેટર
**જિતેન્દ્ર પવાર**

ડિઝાઈન એન્ડ ગ્રાફિક્સ
**ભાવિક દવે**

પ્રકાશક
**ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી**
છઠ્ઠો માળ, સંહતિ બિલ્ડીંગ, એસઆઈઈસીસી કેમ્પસ,
ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ,
સરસાણા, સુરત-૩૯૫૦૦૭, ગુજરાત, ભારત.
ફોન : +૯૧-૨૬૧-૨૨૯૧૧૧૧
(E)info@sgcci.in (W)www.sgcci.in

**સંપર્કઃ ધનેન્દ્ર પાટીલ, ડે. સેક્રેટરી**


# તંત્રી સ્થાનેથી...

પ્રિય વાચકશ્રીઓ,

નિયમિત અંતરે પ્રકાશિત થતા સમૃદ્ધિ મેગેઝિનનો આ વર્ષનો પાંચમો અંક આપ સૌ સમક્ષ પ્રસ્તુત કરતા અત્યંત આનંદ અને ગર્વની લાગણી થાય છે.

સમૃદ્ધિ મેગેઝિન એટલે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના આદર્શ અને ઉત્તરદાયિત્વનું પ્રતિબિંબ કરાવતું દર્પણ. આ દર્પણ સાચા અર્થમાં સંસ્થાની પ્રવૃત્તિઓનું દર્પણ બની રહે તેવી આશા સાથે અમારી લાગણીને અલ્પવિરામ આપીએ છીએ.

આભાર...



નિખિલ મદ્રાસી, તંત્રી



પ્રફૂલ્લ ગાંધી, સલાહકાર



વિપુલ સાસપરા, સહ તંત્રી

Thoughts of a famous speaker or writer in Samriddhi. Do not understand that the chamber agrees with it.

YOUR OPINION ABOUT SAMRIDDHI NUMA IS WELCOME

# OFFICE BEARERS 2023-24



**RAMESH VAGHASIA**
President



**VIJAY MEVAWALA**
Vice President



**HIMANSHU BODAWALA**
Imm. Past President



**NIKHIL MADRASI**
Hon. Secretary



**KIRAN THUMMAR**
Hon. Treasurer



# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મિશન ૮૪ અંતર્ગત તાન્ઝાનિયાના હાઇ કમિશ્નર સહિતના પ્રતિનિધિ મંડળ સાથે ઇન્ટરેકટીવ સેશન યોજાયું

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા SGCCI બિઝનેસ ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત શનિવાર, તા. ૧૪ ઓકટોબર, ૨૦૨૩ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે ‘ભારત અને તાન્ઝાનિયા વચ્ચે વ્યાપારની તકો’ વિશે ઈન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આફ્રિકન દેશ તાન્ઝાનિયાના હાઇ કમિશ્નર બલોઝી અનિસા મબેગા, તાન્ઝાનિયા ઈન્વેસ્ટમેન્ટ સેન્ટરના ડાયરેકટર જનરલ જીલેડ ટેરી, માર્કેટીંગ આસિસ્ટન્સ એન્ડ રિસર્ચ સપોર્ટ (માર્સ)ના સ્થાપક રેખા શર્મા તથા લતીફા, હલીમા, પાંડુકા, હસન, બેરી અને રવિ મિત્તલ સહિતના પ્રતિનિધિઓ હાજર રહયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ તાન્ઝાનિયાના પ્રતિનિધી મંડળ સમક્ષ મિશન ૮૪ પ્રોજેકટ રજૂ કરી તેમાં જોડાવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી અને ભારતની અર્થ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે આ પ્રોજેકટની જરૂરિયાત અને તેના મહત્વ વિષે સમજણ આપી હતી. આ પ્રોજેકટ અંતર્ગત ગુજરાત રિજીયન સહિત સમગ્ર ભારતમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે ચેમ્બર ઓફ કોમર્સ મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત જે ઓનલાઈન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવવા જઈ રહી છે તેના વિશે પણ તેમણે વિસ્તૃત જાણકારી તેઓને આપી હતી.

ભારતના ૮૪,૦૦૦ ઉદ્યોગકારો અને વિશ્વના જુદા-જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવાની બાબત પણ સમજાવી હતી. એવી જ રીતે ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઈન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવા વિશે જાણકારી આપી હતી. મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા એમ્બેસેડર્સને પણ આ પ્લેટફોર્મ પર ઓનબોર્ડ કરી ઉદ્યોગકારોને વ્યાપાર માટે જે તે દેશોમાં રહેલી તકો તથા ત્યાંના કાયદા અને નિયમો વિશે માર્ગદર્શન આપવાનો પ્રયાસ કરાઇ રહયો છે, જે અંતર્ગત ભારતમાં કાર્યરત જુદા-જુદા દેશોના કોન્સુલ જનરલો સાથે થઇ રહેલી મિટીંગોથી પણ ચેમ્બર પ્રમુખે તાન્ઝાનિયાના પ્રતિનિધીઓને વાકેફ કર્યા હતા.

ચેમ્બર પ્રમુખે સેશનમાં ઉપસ્થિત સુરતના ઉદ્યોગકારોને માત્ર ભારતની જરૂરિયાત જ નહીં પણ વિશ્વની જરૂરિયાતને જાણીને પ્રોડકટીવ થવાની સલાહ આપી હતી. તેમણે કહયું હતું કે સુરત સહિત સમગ્ર ભારતના ઉદ્યોગકારોએ હવે વિશ્વની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે ઉત્પાદન કરવું પડશે.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ ઈન્ટરેકટીવ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના પૂર્વ પ્રમુખ રોહિત મહેતાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. ચેમ્બરના માનદ્મંત્રી નિખિલ મદ્રાસી, માનદ્ખજાનચી કિરણ ઠુમ્મર તથા મિશન ૮૪ના કો-ઓર્ડિનેટર સંજય પંજાબી અને પ્રોજેકટ હેડ પરેશ ભટ્ટ તેમજ સુરતના ઉદ્યોગકારો સેશનમાં ઉપસ્થિત રહયા હતા.




# તાન્ઝાનિયાના હાઇ કમિશ્નર બલોઝી અનિસા મબેગાએ, મિશન ૮૪માં જોડાઇને બંને દેશોના ઉદ્યોગકારો એકબીજાને પરસ્પર પ્રોડકટની લે - વેચ કરી શકે તે માટે તમામ પ્રયાસો કરીશું તેવી ખાત્રી આપી



તાન્ઝાનિયાના હાઇ કમિશ્નર બલોઝી અનિસા મબેગાએ જણાવ્યું હતું કે, થોડા દિવસો પહેલાં જ તાન્ઝાનિયાના પ્રેસિડેન્ટ સામિયા સુલુહુ હસને ભારતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાતથી ભારત અને તાન્ઝાનિયા એમ બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વ્યાપાર માટેનો સમગ્ર વિશ્વમાં મજબૂત સંદેશો ગયો હતો. અમારો દેશ, ભારતની સાથે આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને રોકાણની દૃષ્ટિએ આગળ વધવા માટે તત્પર છે અને એ દિશામાં આગળ વધી રહયો છે.

તેમણે જણાવ્યું હતું કે, તાન્ઝાનિયામાં જુદા-જુદા ઉદ્યોગો જેવા કે માઇનીંગ એન્ડ મેટલ, એગ્રીકલ્ચર, એગ્રો પ્રોસેસિંગ, હેલ્થકેર, ઓટો મોબાઇલ, એન્જીનિયરીંગ એન્ડ સર્વિસિંગ, ટેક્ષ્ટાઇલ, બિલ્ડીંગ મટિરિયલ, ટુરિઝમ અને આઇટી ક્ષેત્રે રોકાણ કરવા માટે વિપુલ તકો ઉપલબ્ધ છે. ખાસ કરીને ઝાન્ઝીબાર સુંદર સ્થળ છે અને વેડીંગ ડેસ્ટીનેશન માટે તાન્ઝાનિયામાં જાણીતું છે. અહીં ફિલ્મ ઇન્ડસ્ટ્રી માટે પણ ઘણી તકો છે, આથી તેમણે સુરતના ઉદ્યોગકારોને તાન્ઝાનિયામાં રોકાણ કરવા માટે અનુરોધ કર્યો હતો.

તાન્ઝાનિયાના હાઇ કમિશ્નર બલોઝી અનિસા મબેગાએ, ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪માં જોડાવા માટે ચેમ્બર પ્રમુખના અનુરોધને સહર્ષ સ્વીકાર્યો હતો અને જણાવ્યું હતું કે, મિશન ૮૪માં જોડાઇને બંને દેશોના ઉદ્યોગકારો એકબીજાને પરસ્પર પ્રોડકટની લે - વેચ કરી શકે તે માટે તમામ પ્રયાસો કરીશું. તેમણે ચેમ્બર ઓફ કોમર્સની આગેવાનીમાં સુરતના ઉદ્યોગકારોના ડેલીગેશનને તાન્ઝાનિયા આવવા આમંત્રણ આપ્યું હતું.



# સુરતના ઉદ્યોગકારોએ તાન્ઝાનિયાના પ્રતિનિધિ મંડળ સાથે વન ટુ વન મિટીંગ કરીને બિઝનેસ તથા એક્ષ્પોર્ટ અંગેની માહિતી મેળવી

તાન્ઝાનિયા ઈન્વેસ્ટમેન્ટ સેન્ટરના ડાયરેકટર જનરલ જીલેડ ટેરીએ તાન્ઝાનિયામાં જે ક્ષેત્રોમાં રોકાણ કરી શકાય છે તે અંગે વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે ઘણી સારી તકો છે. ભારતના ઉદ્યોગકારોને તાન્ઝાનિયામાં રોકાણ તથા બિઝનેસ કરવા માટે સરળતા રહે તે માટે તેમની સરકાર દ્વારા વન સ્ટોપ ફેસિલિટી સેન્ટર દ્વારા સુવિધા પૂરી પાડવામાં આવે છે. ભારતીય ઉદ્યોગકારોને બિઝનેસ માટે ઈન્સેન્ટીવ પણ આપવામાં આવે છે.

માર્કેટીંગ આસિસ્ટન્સ એન્ડ રિસર્ચ સપોર્ટ (માર્સ)ના સ્થાપક રેખા શર્માએ જણાવ્યું હતું કે, ગુજરાતીઓ માત્ર બિઝનેસથી જ નહીં પણ હૃદયથી જોડાય છે. તેમણે માર્સ સંસ્થાની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી.

સેશન દરમ્યાન સુરતના ઉદ્યોગકારોએ તાન્ઝાનિયાના પ્રતિનિધિ મંડળ સાથે વન ટુ વન મિટીંગ કરીને બિઝનેસ તથા એક્ષ્પોર્ટ અંગેની માહિતી મેળવી હતી.




# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સુરત ઇકોનોમિક ફોરમ અંતર્ગત નીતિ આયોગના સિનિયર એડવાઇઝર ડો. અન્ના રોય તથા તેમની ટીમ સાથે મિટીંગ યોજાઇ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટ હેઠળ સુરત ઈકોનોમિક ફોરમ અંતર્ગત શનિવાર, તા. ૧૪ ઓકટોબર, ૨૦૨૩ના રોજ સાંજે ૪ઃ૦૦ કલાકે સંહતિ બિલ્ડીંગ, સરસાણા, સુરત ખાતે ભારત સરકારના નીતિ આયોગના સિનિયર એડવાઈઝર ડો. અન્ના રોય (IES) સાથે મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ નીતિ આયોગના સિનિયર એડવાઈઝર ડો. અન્ના રોયને SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી અને ભારતની અર્થ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે આ પ્રોજેકટની જરૂરિયાત અને તેના મહત્વ વિષે સમજણ આપી હતી. આ પ્રોજેકટ અંતર્ગત ગુજરાત રિજીયન સહિત સમગ્ર ભારતમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે ચેમ્બર ઓફ કોમર્સ મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત જે ઓનલાઈન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવવા જઈ રહી છે તેના વિશે પણ તેમણે વિસ્તૃત જાણકારી તેઓને આપી હતી.

ભારતના ૮૪,૦૦૦ ઉદ્યોગકારો અને વિશ્વના જુદા-જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવાની બાબત પણ સમજાવી હતી. એવી રીતે ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઈન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવા વિશે જાણકારી આપી હતી. મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા એમ્બેસેડર્સને પણ આ પ્લેટફોર્મ પર ઓનબોર્ડ કરી ઉદ્યોગકારોને વ્યાપાર માટે જે તે દેશોમાં રહેલી તકો તથા ત્યાંના કાયદા અને નિયમો વિશે માર્ગદર્શન આપવાનો પ્રયાસ કરાઈ રહયો છે, જે અંતર્ગત ભારતમાં કાર્યરત જુદા-જુદા દેશોના કોન્સુલ જનરલો સાથે થઈ રહેલી મિટીંગોથી પણ ચેમ્બર પ્રમુખે ડો. અન્ના રોય (IES) તથા તેમની ટીમને વાકેફ કરી તેમાં જોડાવા માટે અનુરોધ કર્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન ભૂતપૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ ચેમ્બર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓને પગભર બનાવવા માટે તેમજ સ્થાનિક લોકોને રોજગારી આપવાના હેતુથી ડાંગ જિલ્લાના ગામડાઓમાં ગારમેન્ટ માટે ટ્રેઈનીંગ સેન્ટર બનાવવા કરાયેલા પ્રયાસોની માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ મિટીંગમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. માનદ્મંત્રી નિખિલ મદ્રાસી, માનદ્ખજાનચી કિરણ ઠુમ્મર તથા મિશન ૮૪ના કો-ઓર્ડિનેટર સંજય પંજાબી અને પ્રોજેકટ હેડ પરેશ ભટ્ટ, ચેમ્બરની એગ્રીકલ્ચર કમિટીના ચેરમેન કે.બી. પીપલીયા તથા સુરેશ પટેલ સહિતના ઉદ્યોગકારો હાજર રહયા હતા.




# વુમન આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ અંતર્ગત રજિસ્ટર્ડ થયેલી દેશની ૩૦ હજાર મહિલા સાહસિકોને મિશન ૮૪ પ્રોજેક્ટની સાથે જોડીશું : ડો. અન્ના રોય

નીતિ આયોગના સિનિયર એડવાઈઝર ડો. અન્ના રોય (IES)એ જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા વુમન આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ અંતર્ગત મહિલાઓને સશકત બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહયા છે. મહિલા સશકિતકરણને પ્રોત્સાહન આપવા માટે તેમજ મહિલાઓ પગભર થાય તે માટે ભારત સરકારની ૫૦૦થી વધુ યોજનાઓ છે. તેમણે કહયું હતું કે, વુમન આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ અંતર્ગત દેશભરમાં ૩૦ હજાર જેટલી મહિલા સાહસિકો રજિસ્ટર્ડ થઇ છે અને આ તમામ મહિલા સાહસિકોને ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ પ્રોજેક્ટની સાથે જોડીશું.

તેમણે જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા દેશના ચાર શહેરોને ગ્રોથ હબ તરીકે સિલેકટ કરવામાં આવ્યા છે, જેમાં સુરત, મુંબઇ, વારાણસી અને વિશાખાપટ્ટનમ શહેરનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં સુરતનો વિશ્વના અગ્રેસર રહેવાલાયક શહેરોમાં સમાવેશ થાય અને સુરત શહેર વૈશ્વિક સ્તરનું બને તે માટે પ્રયાસ થઇ રહયો છે. એના માટે હેલ્થ, એજ્યુકેશન તથા વ્યાપાર - ઉદ્યોગના જુદા- જુદા સેકટરોમાં રહેલા ડેવલપમેન્ટના પરિબળો વિષે તથા આવનારા ૨૫ વર્ષમાં સુરત શહેરમાં કયા કયા ક્ષેત્રમાં કેવો વિકાસ થવો જોઇએ તેના વિશે તેમણે વિસ્તૃત ચર્ચા કરી હતી.

નીતિ આયોગની ટીમના અભિલેષ બબલે જણાવ્યું હતું કે, સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ટુરિઝમ ઈન્ડસ્ટ્રીને ડેવલપ કરી શકાય તેમ છે. ટુરિઝમ ઈન્ડસ્ટ્રી થકી ગ્રામીણ વિસ્તારોની મહિલાઓને પગભર કરી શકાય અને સ્થાનિક લોકોને રોજગારી આપી શકાય તેમ છે. તેમણે સુરતને આઉટબોન્ડ ટુરિઝમ કેપીટલ બનાવવાની શકયતાઓ પર ભાર આપ્યો હતો.




# નીતિ આયોગની ટીમ સમક્ષ ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના વિકાસ માટે ટફ જેવી સ્કીમને ફરીથી શરૂ કરાવવા માટે રજૂઆત કરાઇ

ચેમ્બર ઓફ કોમર્સના ભૂતપૂર્વ પ્રમુખ આશીષ ગુજરાતીએ નીતિ આયોગની ટીમ સમક્ષ ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના વિકાસ માટે ટફ જેવી સ્કીમને ફરીથી શરૂ કરાવવા માટે રજૂઆત કરી હતી. તેમણે કવોલિટી કન્ટ્રોલ ઓર્ડર લાગુ થવાને કારણે, કવોલિટી ફેબ્રિક બનાવવા માટે જરૂરી હાઇ કવોલિટી રો મટિરિયલને ઇમ્પોર્ટ કરવા માટે જે મુશ્કેલીઓ ઉભી થઇ છે તેને દૂર કરવા માટે રજૂઆત કરી હતી.

આ ઉપરાંત ભારતમાં જે મશીનરી બનતી નથી તેના ઇમ્પોર્ટ પર કસ્ટમ ડયુટી જે આગામી તા. ૧લી એપ્રિલ ૨૦૨૫થી લાગુ થવાની છે તેને હટાવવા માટે તથા ભારતમાં ટેક્ષ્ટાઇલ મશીનરી મેન્યુફેકચરીંગ માટે સ્કીમ લાવવા માટે ટેક્ષ્ટાઇલ મંત્રાલયને ભલામણ કરવા માટે અનુરોધ કર્યો હતો. જ્યારે કવોલિટી કન્ટ્રોલ ઓર્ડર લાગુ થવાને કારણે હાઇ કવોલિટી રો મટિરિયલને ઇમ્પોર્ટ કરવા માટે જે મુશ્કેલીઓ ઉભી થઇ છે તેને દૂર કરવા માટે કેમિકલ્સ એન્ડ ફર્ટીલાઇઝર્સ મંત્રાલયને ભલામણ કરવા અનુરોધ કર્યો હતો.

ચેમ્બરની એગ્રીકલ્ચર કમિટીના ચેરમેન કે.બી. પીપલીયાએ નીતિ આયોગની ટીમને એગ્રો ટુરીઝમ વિશે માહિતી આપી હતી.




# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ડાયાબિટીસ અવેરનેસ અંગે સેશન યોજાયું

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૧૫ ઓકટોબર, ૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે ડાયાબિટીસ અવેરનેસ હેતુ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાંત ડો. શિલ્પા સુતરિયા અને ડો. પિયુષ દેસાઇએ ડાયાબિટીસથી બચવા માટેના ઉપાયો વિશે માર્ગદર્શન આપ્યું હતું.

ડો. શિલ્પા સુતરીયાએ જણાવ્યું હતું કે, ફિઝિકલ એકટીવિટીને લઈને સમાજમાં એવી ગેરમાન્યતા છે કે માત્ર સ્થૂળ લોકોએ અથવા બેસીને જીવન જીવતા લોકોએ જ કસરત કરવી જોઈએ, પણ એવું નથી. શારીરિક કસરત બધા માટે મહત્વની છે. તેમણે જણાવ્યું હતું કે, અમેરિકન ડાયાબિટીસ એસોસીએશનના કહેવા મુજબ સિનિયર સિટીઝનની સાથે જ યુવાનોએ પણ દરેક ૩૦ મિનિટ પછી લાઈટ વર્ક અથવા વોક કરવી જોઈએ. આવું કરવાથી જોઈન્ટમાં સ્ટીફનેસ આવતી અટકવાની સાથે જ બ્લડ સરકયુલેશન પણ યોગ્ય રીતે થાય છે. ડાયાબિટીસ હોય કે નહીં હોય દરેકે શારીરિક કસરત કરવી જોઈએ અને તેને આદત બનાવવી જોઇએ. તેમણે એકસરસાઈઝ અને ફિઝિકલ એકટીવિટી વચ્ચેના તફાવત વિશે સમજણ આપી હતી.

ડો. પિયુષ દેસાઈએ જણાવ્યું હતું કે, ડાયાબિટીસ સાથે ઓબેસિટી સંકળાયેલી છે. જેમને ઓબેસિટી હોય છે તેઓને ડાયાબિટીસ હોય જ છે. ડાયાબિટીસ માત્ર ઉંમર વધવાના કારણે થાય તે વાત તદ્દન ખોટી છે. તે વ્યક્તિના જિન્સ, પરિવારનો મેડીકલ ઈતિહાસ, વજન અને ફિઝિકલ એકટીવિટી પર આધારિત હોય છે. આઈસીએમઆરના રિપોર્ટ મુજબ હાલમાં ભારતમાં ૧૦ કરોડ લોકો ડાયાબિટીસથી પીડાય છે અને તેમાં ૧૭થી ૧૮ ટકા લોકો ૩૫ વર્ષની ઉંમરના આસપાસના છે. વધુમાં તેમણે કહયું હતું કે, ઓઈલી વસ્તુઓ ખાવા કરતા શાકભાજી અને ફળો ખાવાનું વધુ રાખો. આરોગ્ય માટે તમામ શાકભાજીઓ મહત્વપૂર્ણ છે.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની પબ્લીક હેલ્થ કમિટીના કો- ચેરમેન ડો. જગદિશ વઘાસિયાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના SGCCI એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન મહેશ પમનાનીએ સર્વેનો આભાર માન્યો હતો. બંને નિષ્ણાંત તબીબોએ સેશનમાં ઉપસ્થિત લોકોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.



# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા Electric Vehicles Plug into a New Phase of Growth અંગે સેમિનાર યોજાયો

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે Electric Vehicles Plug into a New Phase of Growth વિષય પર સેમિનાર યોજાયો હતો. જેમાં નિષ્ણાંત વકતા તરીકે રેનોન ઈન્ડિયા પ્રા.લિ.ના ડાયરેકટર આદિત્ય વિક્રમે ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીના ઉદ્યોગકારોને માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, ઈલેકટ્રીક વાહનો વધુ સુલભ અને વ્યાપક બનતા હોવાથી, આપણા બધા માટે વિકાસના આ નવા તબક્કાને અનુકૂળ કરવા માટે સારી રીતે માહિતગાર અને તૈયાર રહેવું મહત્વપૂર્ણ છે, આથી આજનો સેમિનાર ઈલેકટ્રીક વાહનના વ્યવસાય - ઉદ્યોગની સાથે સંકળાયેલા ઉદ્યોગકારો તેમજ ડિલરો માટે વધુ જ્ઞાન મેળવવા માટેનું અને પરિવહનના ભાવિનું અન્વેષણ કરવા માટેનું પ્લેટફોર્મ પૂરું પાડે છે. ઈલેકટ્રીક વાહન ઉદ્યોગને આગળ ધપાવતી ટેકનિકો, વલણો અને તકોની ઊંડી સમજ સેમિનારમાં આપવામાં આવશે, જેનો બધાને લાભ લેવા તેમણે અનુરોધ કર્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સની ઈલેકટ્રીક વ્હીકલ કમિટીના ચેરમેન નિરજ મોદીએ કાર્યક્રમની રૂપરેખા આપી કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કમિટીના સભ્ય પાર્થ શેટાએ વકતા આદિત્ય વિક્રમનો પરિચય આપ્યો હતો. કમિટી સભ્ય મયંક દલાલે સેમિનારમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ઓટોમોબાઈલ ક્ષેત્ર સાથે સંકળાયેલા ઉદ્યોગકારોના વિવિધ સવાલોના વકતાએ સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.

વકતા આદિત્ય વિક્રમે જણાવ્યું હતું કે, ઈલેકટ્રીક બાઈકમાં બેટરી સારી હોવી મહત્વની છે. સારી બેટરીની લાઈફ મહત્તમ ૮ વર્ષ સુધીની હોય છે. સુરક્ષાને ધ્યાને રાખતા બેટરી વધુ વજનની રાખવામાં આવે છે. આ વર્ષે ૧૦ લાખ ઈલેકટ્રીક વ્હીકલ્સનું વેચાણ થયું છે, જેને ધ્યાને રાખી સમય બચાવવા માટે કેન્દ્ર સરકાર, દર બે ત્રણ કિલોમીટરના અંતરે ફાસ્ટ ચાર્જિંગની સુવિધા ઉપલબ્ધ કરાવવાની દિશામાં કાર્ય કરી રહી છે. તેમણે બેટરીના વિવિધ પ્રકાર અને તેમની ક્ષમતા વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

શ્રીજી ઓટોમાર્ટ પ્રા.લિ. (સેલ્સ એન્ડ સર્વિસ)ના સીઈઓ અલ્પેશ પ્રજાપતિએ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ફાસ્ટ ચાર્જિંગને ધ્યાને રાખી ટાટા પાવરના ૧૫ હજાર ચાર્જિંગ સ્ટેશન સ્થપાયા છે. વર્ષ ૨૦૧૮થી અત્યાર સુધી અનેક સુધારા થયા છે. લોકોમાં એવી માન્યતા છે કે, ઈલેકટ્રીક વ્હીકલ ધીમે ચાલે છે. તેનું પીકઅપ સારું હોતું નથી પણ આ સત્ય નથી. વિવિધ બ્રાન્ડની ઈલેકટ્રીકલ વ્હીકલ્સ હાલમાં લોકોને ખૂબ પસંદ આવી રહયા છે. હાલમાં કંપનીઓ પેટ્રોલ-ડીઝલ સેગમેન્ટની જેમ જ ઈલેકટ્રીક કાર, ટુ-વ્હીલરમાં પણ સુવિધાઓ આપી રહી છે અને વધુ સારી રીતે આપવા માટે સતત પ્રયત્ન કરી રહી છે.




# ચેમ્બર અને બાગાયત વિભાગ સુરત દ્વારા પાલ - હજીરા રોડ સ્થિત વીર સ્વસ્તિક હાઇટ્સના રહીશોને 'કિચન ગાર્ડન'ની તાલીમ અપાઇ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા નાયબ બાગાયત નિયામક સુરતની કચેરીના સંયુક્ત ઉપક્રમે શુક્રવાર, તા. ૨૦ ઓકટોબર, ૨૦૨૩ના રોજ બપોરે ૧:૦૦ કલાકે પાલ - હજીરા રોડ સ્થિત વીર સ્વસ્તિક હાઇટ્સ ખાતે 'કિચન ગાર્ડન'ની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વીર સ્વસ્તિક હાઇટ્સની ગૃહિણીઓ તથા રહીશોને કિચન ગાર્ડનની તાલીમ આપવામાં આવી હતી.

બાગાયત અધિકારી અંકુર પટેલ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક ભક્તિ પંચાલે ટ્રેઈનીંગના સ્વરૂપે ગૃહિણીઓ તથા સ્થાનિક રહીશોને પોતાના આજુબાજુની ખુલ્લી જમીન, છત કે બાલ્કનીમાં ફળ અને શાકભાજીની ખેતી કેવી રીતે કરી શકાય તે અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

આ પ્રસંગે ચેમ્બરની એગ્રીકલ્ચર કમિટીના ચેરમેન કે.બી. પીપલીયા તથા પિયુષ ચાહવાલા અને ૬૦થી વધુ ગૃહિણીઓ હાજર રહયા હતા. કાર્યક્રમના અંતે તમામ તાલીમાર્થીઓને બિયારણ કીટ, કુંડા, ફૂલોની ગાંઠ જેવી ગાર્ડન માટે ઉપયોગી સામગ્રી અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.






# ચેમ્બર તથા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ અને સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે 'આઈપીઓપ્રિન્યોર્સ ૩.૦'કાર્યક્રમ યોજાયો

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ અને સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે શુક્રવાર, તા. ૨૭ ઓકટોબર, ૨૦૨૩ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમસ્ત પાટીદાર સમાજ હોલ, કતારગામ, સુરત ખાતે 'આઈપીઓપ્રિન્યોર્સ ૩.૦'કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બીલાઈન કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટર સીએ યોગેશ જૈન, માર્કેટ હબ સ્ટોક બ્રોકિંગ પ્રાઈવેટ લિમિટેડના ડાયરેકટર પ્રદિપ કાનાણી અને જૈનમ બ્રોકિંગ લિમિટેડના ડાયરેકટર અને કો-ફાઉન્ડર મિલન પરીખે ઉદ્યોગકારોને આઈપીઓ લાવવા માટેના વિવિધ તબકકાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, 'આઈપીઓ વર્તમાન યુગમાં સૌથી વધુ યોગદાન આપી રહેલા ક્ષેત્રોમાંથી એક છે. ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકો માટે આઈપીઓ એક આશીર્વાદ રૂપ છે. નાણાંકીય સધ્ધરતા આપવામાં આઈપીઓ એક મહત્વનું સ્થાન ધરાવે છે, તેથી ઉદ્યોગ સાહસિકો તે વિશે ઊંડાણપૂર્વક માહિતી મેળવે તે જરૂરી છે.

સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટના પ્રમુખ વેલજીભાઈ શેટાએ જણાવ્યું હતું કે, 'ગુજરાતીઓ સાહસિક છે, મહેનતુ છે એટલે તેમણે આઈપીઓ વિશે વધુ જ્ઞાન મેળવી પોતાના બિઝનેસને એક ઊંચાઈ સુધી લઈ જવાનું છે. મૂડીમાં વધારો થતા બિઝનેસ કરવામાં થોડી સરળતા મળે છે, જેથી ઉદ્ભવતી નાની-મોટી સમસ્યાનું નિરાકરણ કરવું વહેલી તકે શકય બને છે.'

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલીન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા, ચેમ્બરની આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન શૈલેષ દેસાઇ તથા ૫૫૦થી વધુ ઉદ્યોગકારો ઉપસ્થિત રહયા હતા. માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ સન્માન સમારોહનું સંચાલન કર્યું હતું. માનદ્ખજાનચી કિરણ ઠુમ્મરે સર્વેનો આભાર માન્યો હતો. ગૃપ ચેરમેન કમલેશ ગજેરાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રમુખ કાનજીભાઈ ભાલાળાએ કાર્યક્રમના ધ્યેય વિશે માહિતી આપી હતી. ચેમ્બરની આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ કમિટીના કો-ચેરમેન ડો. રાકેશ દોશીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ત્રણેય વકતાઓએ ઉદ્યોગ સાહસિકોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.














# શહેરના ૧૩ ઉદ્યોગ સાહસિકોએ કાર્યક્રમમાં આઈપીઓ લાવવા માટે સંકલ્પ લીધો

‘આઈપીઓ પ્રિન્યોર્સ ૩.૦’કાર્યક્રમમાં બીલાઈન કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટર સીએ યોગેશ જૈને ઉદ્યોગ સાહસિકો સમક્ષ આઈપીઓ વિશેનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ’ગુજરાત સરકારે MSME હેઠળ આવતા ઉદ્યોગ સાહસિકો માટે ૫ લાખ રૂપિયાની સબસિડી જાહેર કરી છે, જે હેઠળ આઈપીઓ લાવતી કંપનીને આઈપીઓ લાવવાના ખર્ચમાં ૫ લાખ રૂપિયાની સહાયતા સરકાર આપે છે.’ આઈપીઓમાં બિઝનેસ લિસ્ટિંગ કર્યા બાદ ઉદ્યોગ સાહસિકોને બિઝનેસને આગળ વધારવામાં મદદ મળે છે. આઈપીઓ થકી બિઝનેસ એક બ્રાન્ડ બનવાની દિશામાં પગલું મૂકે છે. સીએ યોગેશ જૈને દેશભરમાં આઈપીઓ થકી કંપનીઓને થયેલા લાભ વિશે માહિતી આપી હતી અને આઈપીઓ બાદ સફળ થયેલા કંપનીઓના ઉદાહરણ પ્રસ્તુત કર્યા હતા.

માર્કેટ હબ સ્ટોક બ્રોકિંગ પ્રાઈવેટ લિ.ના ડાયરેકટર પ્રદિપ કાનાણીએ જણાવ્યું હતું કે, ’સમાજમાં આઈપીઓ અંગે જાગૃતતા લાવવાની જરૂર છે. માર્કેટ મેકિંગને સમજી યોગ્ય રીતે પ્રમોટર કાર્ય કરે તો નિશ્ચિત સફળ થાય છે. તમે કોઈ પણ મર્ચન્ટ બેંકર સાથે કામ કરો પણ માર્કેટ મેકિંગ માટે યોગ્ય સ્ટોક બ્રોકિંગ કંપનીનો સંપર્ક સાધવો જોઈએ. આગામી સમયમાં વેલ્થ ક્રિએશનની અનેક સગવડો ઊભી છે, આથી આઈપીઓ લાવવા માટે આ સૌથી સારો સમય છે.’

જૈનમ બ્રોકિંગ લિમિટેડના ડાયરેક્ટર અને કો-ફાઉન્ડર મિલન પરીખે જણાવ્યું હતું કે, ’સ્ટોક માર્કેટ ઈકિવટીનું રોકાણ કરવા માટેનું શ્રેષ્ઠ સાધન છે. હાલમાં નેટવર્કની સાથે નેટવર્થ પણ વધારવાની જરૂર છે. પોતાની સાથે પોતાના બિઝનેસ અને પોતાના પ્રોડકટ પર વિશ્વાસ મૂકવો મહત્વનું છે.’

નેશનલ સ્ટોક એકસચેન્જના સીનિયર મેનેજર સીએ ચેતન વ્યાસ, મનહર સાસપરા, ઘનશ્યામ લુખી, નિશિથ લાખાણી, ભરત લિંબાણી અને ભાવિન શાહે પેનલ ડિસ્કશનમાં ભાગ લીધો હતો. ત્યાર બાદ પ્રશ્નોત્તરી સેશન યોજાયું હતું. જેમાં પેનાલીસ્ટોએ ઉદ્યોગ સાહસિકોના વિવિધ પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

કાર્યક્રમમાં સફળતા પૂર્વક માર્કેટમાં આઈપીઓ લાવનાર પટ્ટેક ફિટવેલ ટ્યુબ કમ્પોનેન્ટસ લિ. અને શૂરા ડિઝાઈન્સ પ્રાઈવેટ લિ.ના સંસ્થાપકને સન્માનિત કરાયા હતા. સાથે જ કાર્યક્રમમાં ૧૩ કંપનીઓએ માર્કેટમાં આઈપીઓ લાવવા માટે સંકલ્પ લીધો હતો.

જેમાં એપ્પલ લાઈફસ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝ લિ., સેલ ફોર્સ પાવર પ્રા. લિ., આઈબીએલ ફાયનાન્સ પ્રા. લિ., મેડાર્ટ ટેકનોલોજી પ્રા. લિ., ન્યુટ્રા હેલ્થકેર પ્રા. લિ., પેટ્સન ફૂડસ (ઈન્ડિયા) પ્રા.લિ., પોલિસિલ ઈરીગેશન સિસ્ટમ પ્રા.લિ., સપ્તમ પોલીફિલ્મ્સ પ્રા. લિ., સ્કેપ ટેક્નો ફેબ લિ., શ્રી રાધે ડેરી, સોહમ ઈન્ડસ્ટ્રીઝ લિ., ઝીલ ફાર્માક્યોર પ્રા.લિ. અને એલાયન્સ ફાઈબર્સ લિ.ના સંસ્થાપકોએ આઈપીઓ લાવવા માટે સંકલ્પ લીધો હતો.




# દક્ષિણ ગુજરાતના જીઆઈડીસી સંબંધિત પ્રશ્નો અંગે ઉદ્યોગકારો અને જીસીસીઆઈની બેઠક યોજાઈ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સંયુક્ત ઉપક્રમે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો સાથે જીઆઈડીસી સંદર્ભે વિવિધ પ્રશ્નોની ચર્ચા-વિચારણા કરવા તા. ૦૨ નવેમ્બર ૨૦૨૩, ગુરુવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે મિટીંગ યોજાઈ હતી. જેમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના રિજિયોનલ સેક્રેટરી પ્રશાંત પટેલ અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના જીઆઈડીસી કમિટીના ચેરમેન અજિત શાહની સાથે કમિટીના અન્ય હોદ્દેદારો હાજર રહયા હતા.

આ પ્રસંગે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, નાના-નાના પ્રશ્નોનો સાથ-સહકારથી ઉકેલ લાવી ઉદ્યોગોને આગળ વધારવું મહત્વનું છે. તેમણે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની જીઆઈડીસી કમિટીનો ઔદ્યોગિક પ્રશ્નોના નિરાકરણમાં મહત્વનો ફાળો છે તેમ પણ જણાવ્યું હતું.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના રિજિયોનલ સેક્રેટરી પ્રશાંત પટેલે જણાવ્યું હતું કે, ' સામાન્ય રીતે જીઆઈડીસી અને ઉદ્યોગને લગતા પ્રશ્નો બે પ્રકારના હોય છે. પહેલા હોય છે સ્થાનિક સ્તરના, જેમનું નિવારણ સ્થાનિક એસોસિએશન અને ચેમ્બરની મદદથી પણ કરી શકાય છે.

જ્યારે બીજો પ્રશ્ન હોય છે સરકારની પોલિસીઓ સંબંધિત જેમાં તમામ એસોસિએશન અને ચેમ્બરના સાથ સહકારથી તેનો ઉકેલ લાવવો પડે છે. તેમણે આ પ્રસંગે જીઆઈડીસી સંબંધિત પ્રશ્નોના નિરાકરણમાં શક્ય તેટલું મદદરૂપ થવાની વાત કરી હતી.'

મિટીંગમાં ઓટીએસ સ્કીમ વિશે, સચિન જીઆઈડીસી પાસેથી જીઆઈડીસીના સાથે વસૂલાતાં મનપાનો ટેક્સ અને જીએસટી ટેક્સ ભરવા અંગે ચર્ચા કરાઈ હતી. મિટીંગમાં જીઆઈડીસી સાથે સંકળાયેલ નોટિફાઈડની સમસ્યા, અનયુટીલાઈઝેશનની સમસ્યા, ડબલ ટેક્સ, જીએસટી, સ્ટેમ્પ ડ્યુટીની સમસ્યા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ સંદર્ભે તમામ એસોસિએશન સહમત થતા આગામી સમયમાં સરકાર સમક્ષ સમસ્યાઓ અને તેના નિરાકરણ સાથે રજૂઆત કરવામાં આવશે તેમ સર્વાનુમતે જણાવવામાં આવ્યું હતું.

મિટીંગમાં કેટલીક જીઆઈડીસીઓને આપેલા પ્લોટને યુટીલાઈઝ કરવાનો અને તે સંદર્ભે એકસટેન્શન આપવાના પ્રશ્નની સાથે રાજ્યની પ્રથમ જીઆઈડીસી ઉમરગામ જીઆઈડીસીના પાર્કિંગ પાર્ક પ્લોટના પ્રશ્નની ચર્ચા કરવામાં આવી હતી. તમામ જીઆઈડીસી હોદ્દેદારોનું માનવું છે કે, સરકારની તમામ પોલિસીઓને સરળ બનાવવી જોઈએ, તથા ઈન્ડસ્ટ્રીયલ બોર્ડમાં ઓછામાં ઓછા જીઆઈડીસી ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા ૬ લોકોનો સમાવેશ કરવો જોઈએ.

આ મિટીંગમાં દક્ષિણ ગુજરાતની જીઆઈડીસીઓમાંથી સાણંદ, નરોડા, સરીગામ, વાપી, નવસારી, ઈચ્છાપોર, સચિન, ભાટપોર, કતારગામ, બારડોલી અને ઉમરગામ જીઆઈડીસીના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

આ મિટીંગનું સંચાલન અને મિટીંગની રૂપરેખા ચેમ્બર ઓફ કોમર્સ, સુરતના માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ આપી હતી. મિટીંગની આભારવિધી ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ કરી હતી.

મિટીંગમાં ચેમ્બરના માનદ્ખજાનચી કિરણ ઠુમ્મર, ગૃપ ચેરમેન ભાવેશ ટેલર, અશોક જીરાવાલા અને ચેમ્બરના એસોસિએશન લાયઝન કમિટીના ચેરમેન દીપપ્રકાશ અગ્રવાલ તથા ચેમ્બરની જીઆઈડીસી ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન મિતુલ મહેતાની સાથે દક્ષિણ ગુજરાતની વિવિધ જીઆઈડીસીના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.



# ચેમ્બર દ્વારા ગુજરાત રાજ્યના પર્યાવરણ મંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે જીપીસીબીના રિજનલ ઓફિસર ડો. જિજ્ઞાસાબેન ઓઝાને પ્રશસ્તિ પત્રક આપી સન્માનિત કરાયા

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા શનિવાર, તા. ૦૪ નવેમ્બર, ૨૦૨૩ના રોજ સાંજે ૩: ૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ગુજરાતના રાજ્ય કક્ષાના વન અને પર્યાવરણ, ક્લાઈમેન્ટ ચેન્જ, વોટર રિસોર્સ અને વોટર સપ્લાય વિભાગના મંત્રીશ્રી મુકેશભાઈ પટેલના હસ્તે ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના રિજનલ ઓફિસર ડો. જિજ્ઞાસાબેન ઓઝાને 'ગ્રીન ગાર્ડિયન' એવોર્ડથી સન્માનિત કરાયા હતા.

આ પ્રસંગે ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ગ્લોબલ વોર્મિંગ અને વેધર ચેન્જિંગની સ્થિતિને જોતા પર્યાવરણની જાળવણી હાલમાં અત્યંત જરૂરી બની છે. પર્યાવરણની જાળવણી કરવી માત્ર સરકારની જ નહીં પણ આપણી બધાની નૈતિક જવાબદારી છે. હાલમાં પર્યાવરણ વિશેની જાગૃતતા લોકોમાં વધી છે અને ધંધા-ઉદ્યોગકારો પણ તે દિશામાં પુખ્ત વિચાર કરતા થઈ ગયા છે અને તે દિશામાં પગલાં લઈ રહયા છે.

ગુજરાતના રાજ્ય કક્ષાના વન અને પર્યાવરણ, ક્લાઈમેન્ટ ચેન્જ, વોટર રિસોર્સ અને વોટર સપ્લાય વિભાગના મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'આજના સમયમાં પર્યાવરણ માત્ર દેશની જ નહીં પણ સમગ્ર વિશ્વની સમસ્યા છે. સમગ્ર દેશમાં હવાનું પ્રદૂષણ માપતું સાધન સેમ્સ(CEMS) પ્રથમવાર સુરતમાં લગાવવામાં આવ્યું હતું. સુરતની અંદર ૪૦૦ ટેકસટાઈલ ઈન્ડસ્ટ્રી, ૧૨૦ કેમિકલ ઈન્ડસ્ટ્રી સાથે જ ૭ સીઈટીપી શહેરમાં છે. રાજ્યમાં સૌથી વધુ ૭ સીઈટીપી ધરાવતુ એકમાત્ર શહેર સુરત છે. પ્રદૂષણના કારણે નીતિ આયોગના રિપોર્ટ અનુસાર, ૨૦૩૦ સુધીમાં કુલ પાણીના જથ્થાના ૪૦ ટકા પાણી જ જમીનમાં બચશે. જેના નિવારણના એક વિકલ્પ તરીકે સીઈટીપી થકી પાણી રિસાઈકલ કરવાથી ગ્રાઉન્ડ વોટર બચાવી શકાશે.' સાથે જ તેમણે ટેક્ષટાઇલ ઉદ્યોગકારોને ઔદ્યોગિક વેસ્ટમાંથી પ્રોડકટ બનાવવામાં સુરતે પહેલ કરવી જોઈએ તેવું આહવાન કર્યું હતું.

વૃક્ષોનું વાવેતર અને પર્યાવરણને બચાવવાનાં પ્રયાસોમાં જીપીસીબીના રિજનલ ઓફિસર ડો. જિજ્ઞાસાબેન ઓઝાના નોંધનીય કાર્યોને ધ્યાને રાખીને ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના હસ્તે પ્રશસ્તિપત્રક આપીને અને ખૂબસુરત એનજીઓ દ્વારા 'ગ્રીન ગાર્ડિઅન' એવોર્ડથી તેમણે સન્માનિત કરાયા હતા. તેમણે આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'સુરતીઓએ ધંધો-બિઝનેસ પ્રદૂષણ નિયંત્રણના દાયરામાં રહીને કરવાનો છે. પ્રદૂષણનો નિકાલ કરવામાં અને ત્યાં અમૃતવન બનાવવામાં મારી સાથે જીપીસીબીના અન્ય અધિકારીઓએ અને ઉદ્યોગકારોએ પણ સહાય કરી છે.'

ડો. જિજ્ઞાસાબેન ઓઝાએ પોતાના દોઢ વર્ષના કાર્યકાળ દરમિયાન એક હજારથી વધુ વૃક્ષો વાવ્યાં છે અને સાથે ૫૫,૦૦૦થી વધુ વૃક્ષો વાવવામાં તેઓ નિમિત્ત બન્યા છે.

ચેમ્બરના પર્યાવરણ-પોલ્યુશન કન્ટ્રોલ એન્ડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટીના ચેરમેન કુન્હાલ શાહે આ પ્રસંગે જણાવ્યું હતું કે, આગામી સમયમાં રહેવા લાયક અને બિઝનેસ માટે શહેરની પસંદગી શહેરના કાર્બન ક્રેડિટ અને ગ્રીન ક્રેડીટના આધારે નક્કી થશે. જે શહેર પાસે સારું કાર્બન ક્રેડીટ અને ગ્રીન ક્રેડીટ રહેશે તેની પસંદગી મોખરે થશે. ચેમ્બરના પર્યાવરણ-પોલ્યુશન કન્ટ્રોલ એન્ડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટીના સભ્ય ઉમંગ શાહે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

ચેમ્બરના પર્યાવરણ-પોલ્યુશન કન્ટ્રોલ એન્ડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટીના કો-ચેરમેન હેતુલ મહેતાએ મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ વિશે માહિતી આપી હતી. કાર્યક્રમમાં ઉદ્યોગપતિઓ જીતુભાઈ વખારિયા, કમલભાઈ તુલસ્યાન, રચના ગૃપના જે.પી. અગ્રવાલ, રવીન્દ્ર આર્ય સહિત અનેક અગ્રણીઓ સાથે સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા વ્યક્તિઓ ઉપસ્થિત રહયા હતા. ચેમ્બર ઓફ કોમર્સના માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ સૌનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું.




# ચેમ્બરની '૭મી નેશનલ એચઆર કોન્કલેવ'નું ભારતીય નેવીના નેવલ સ્ટાફના ચીફ એડમિરલ આર. હરિ કુમારના હસ્તે ઉદ્‌ઘાટન

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૦૭ નવેમ્બર ૨૦૨૩, મંગળવારના રોજ સવારે ૮:૦૦થી બપોરે ૨:૦૦ કલાકના સમયગાળા દરમ્યાન પ્લેટિનમ હોલ, સુરત ઈન્ટરનેશનલ એક્ઝીબીશન એન્ડ કન્વેશન સેન્ટર, સરસાણા, સુરત ખાતે '૭મી નેશનલ એચઆર કોન્કલેવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેની થીમ 'ધી ફ્યુચર ઓફ એચઆરઃ અ બિઝનેસ પર્સપેક્ટીવ'રાખવામાં આવી હતી.

'૭મી નેશનલ એચઆર કોન્કલેવ'નું ઉદઘાટન ભારતીય નેવીના નેવલ સ્ટાફના ચીફ એડમિરલ શ્રી આર. હરિ કુમારના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટના ડિરેક્ટર પ્રો. ભરત ભાસ્કર અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા.

કોન્કલેવના ઉદઘાટન પ્રસંગે ચેમ્બરના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, 'ચેમ્બરની ૭મી નેશનલ એચઆર કોન્કલેવનો મુખ્ય ઉદેશ્ય મહત્તમ આંત્રપ્રિન્યોર્સને લાભ મળે તે છે. એચઆર શબ્દનો ઈન્ડસ્ટ્રી સાથે એક અનેરો સંબંધ છે. બંને એક-બીજા સાથે પરસ્પર રીતે સંકળાયેલા છે. હ્યુમન રિસોર્સ મેળવવા અને તેમનું યોગ્ય રીતે સંચાલન કરવું, સંભાળ કરવું એક મહત્વનું કાર્ય છે. એચઆર એ એવા લોકોનો સમૂહ છે, જેઓ સંસ્થા, વ્યવસાય ક્ષેત્ર, ઉદ્યોગ અથવા અર્થતંત્રના કર્મચારીઓ બનાવે છે.'

૭મી નેશનલ એચઆર કોન્કલેવનું ઉદ્ઘાટન કરતા ભારતીય નેવીના નેવલ સ્ટાફના ચીફ એડમિરલ શ્રી આર.હરિ કુમારે જણાવ્યું હતું કે, 'આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સના કારણે આગામી સમયમાં બદલાવ આવશે એ વાત નિશ્ચિત છે. પરંતુ આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ હ્યુમન રિર્સોસ જેવી ક્રિએટીવિટી નહીં બતાવી શકે તે વાત પણ ધ્યાને લેવા જેવી છે. ભારતને વિશ્વની ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનાવવા માટે રો મટીરીયલ એક્ષ્પોર્ટ કરવામાં રોડ અને રેલ કરતા જળમાર્ગ મહત્વની ભૂમિકા બજાવશે. ગુજરાતે સદીઓથી સમુદ્ર માર્ગે એક્ષ્પોર્ટ ક્ષેત્રે નોંધનીય કામગીરી કરી છે.'

તેમણે એચઆર પ્રોફેશનલ્સ અને આંત્રપ્રિન્યોર્સને 'ફાઈવ-ડી'નો મંત્ર આપતાં જણાવ્યું હતું કે, 'ભારતની તાકત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા ડેમોગ્રેફી, ડેમોક્રેસી, ડિસેસિવનેસ, ડિમાન્ડની સાથે જ હું માનું છું કે, ડિસરપ્શનમાં છે અને તે ધ્યાને રાખી કાર્ય કરવું જોઈએ. ભારતમાં ૨૭ ટકા વસ્તી યુવાશકિત હોવાથી દેશના વિકાસમાં તેઓ મહત્વની ફરજ બજાવે છે. તેમણે ફોર એફની થિયરી ફંડ્સ, ફન, ફેલોશિપ અને ફિલીંગ વિશે સમજ આપી હતી.'

અમદાવાદ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટના ડિરેક્ટર પ્રો.ભરત ભાસ્કરે પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે, 'હાલમાં ટેક્નોલોજીના કારણે વર્કફોર્સમાં રેપિડ ચેન્જ જોવા મળી રહ્યો છે. ટેકનોલોજીના આ આધુનિક સમયમાં જરૂર છે તે સમયની સાથે પરિવર્તન કરવાની. હાલમાં અનેક કંપનીઓમાં રોબોટના માધ્યમથી કામ કરાવવામાં આવી રહ્યું છે. જે સામાન્ય શીપીંગ જેવા કામ વ્યક્તિ કરી શકે છે તે રોબોટ થકી કરવામાં આવી રહ્યા છે. પરંતુ માનવીઓ, હ્યુમન રિર્સોસ જે સ્ટ્રેટેજી, ક્રિએટીવિટી અને ફિલીંગ્સ સાથે કાર્ય કરે છે તેવું શકય નથી.' પ્રો.ભરત ભાસ્કરે મહાભારતના શ્રી કૃષ્ણ અને અર્જુનના સંવાદના દ્દષ્ટાંતો થકી આંત્રપ્રિન્યોર્સને સંબોધિત કર્યા હતા.

આ કોન્કલેવ દરમિયાન મારૂતી સુઝુકી ઈન્ડિયાના વાઈસ પ્રેસિડન્ટ ઓફ પીપલ ઓપરેશન્સ શ્રી સૌરભ પાઠકે પ્રોફેશનલ્સને ઉપયોગી એવા સંસ્થા મેનેજમેન્ટ અંગેનું પ્રેઝન્ટેશન કર્યું હતું. અદાણી ગૃપના ગૃપ સીએચઆરઓ શ્રી વિક્રમ ટન્ડને સુરતની પ્રથમવાર મુલાકાત લેવાની સાથે જ સ્વચ્છ સુરતના વખાણ કર્યા હતા.

શ્રી રામક્રિષ્ણ એક્ષ્પોર્ટ્સ પ્રા.લિ.ના સીએચસીઓ ડો. નિરવ મંડિરે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેમ્બર ઓફ કોમર્સના એચઆર એન્ડ ટ્રેઈનીંગ કમિટીના કો-ચેરમેન ચિરાગ દેસાઈએ કર્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમમાં ચેમ્બરના માનદ્મંત્રી નિખિલ મદ્રાસી, સીનિયર કોર્પોરેટ ટ્રેનર અને બિઝનેસ ગ્રોથ સ્ટ્રેટેજીસ્ટ મૃણાલ શુક્લ, ગોલ્ડી સોલારના સંસ્થાપક અને એમડી શ્રી ઈશ્વર ધોળકીયા, ચેમ્બરના ગૃપ ચેરમેન, સભ્યો, એચ આર પ્રોફેશનલ્સ, આંત્રપ્રિન્યોર્સની સાથે મિડિયાના મિત્રો ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમમાં અંતે ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ આભારવિધી કરી હતી.

ઉદ્ઘાટન સમારોહ બાદ બપોરે ૧૨:૦૦થી ૧:૦૦ કલાકના સમયગાળા દરમ્યાન પ્રથમ પેનલ ડિસ્કશન યોજાઈ હતી. જેને સીનિયર કોર્પોરેટ ટ્રેનર અને બિઝનેસ ગ્રોથ સ્ટ્રેટેજીસ્ટ શ્રી મૃણાલ શુક્લએ મોડરેટ કર્યું હતું. પેનલમાં સચ ઈલેક્ટ્રો મેકના ડિરેક્ટર ડો. સુદીપ જૈસવાલ, ગોલ્ડી સોલારના સંસ્થાપક અને એમડી શ્રી ઈશ્વર ધોળકીયા તથા આરએસએમ - લેમન કન્સલ્ટેક ગૃપના ડિરેક્ટર સીએ નિરવ જોગાણીએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

બપોરે ૧:૦૦થી ૨:૦૦ કલાકના સમયગાળા દરમ્યાન બીજું પેનલ ડિસ્કશન યોજાયું હતું. જેને દક્ષિણ ગુજરાતના નેશનલ એચઆરડી નેટવર્કના પ્રમુખ શ્રી હિમાંશુ ભટ્ટે મોડરેટ કર્યું હતું. પેનલમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (હજીરા ગૃપ)ના સીનિયર મેનેજર-એચઆર ડો.રાજીવ શાહ અને લાર્સન એન્ડ ટુબ્રોના જોઈન્ટ જીએમ - એચઆર શ્રી સંતોષ રાય તથા પી.પી. સવાણી યુનિવર્સિટીના પ્રો-વોસ્ટ ડો. પરાગ સંઘાણીએ ઉદ્યોગકારોને અને પ્રોફેશનલ્સને માર્ગદર્શન આપ્યું હતું.




# ચેમ્બર ઓફ કોમર્સ અને અઝાઈકો ગ્લોબલ એલએલપી કંપની વચ્ચે ‘ઈન્કવાયરી’ સંદર્ભે એમઓયુ થયા

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને અઝાઈકો ગ્લોબલ એલએલપી કંપની વચ્ચે બુધવાર, તા. ૦૮ નવેમ્બર ૨૦૨૩ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે ’ઈન્કવાયરી’ સંદર્ભે એમઓયુ સાઈન થયા હતા. આ એમઓયુ અંતર્ગત અઝાઈકો, ચેમ્બર ઓફ કોમર્સને આંતરરાષ્ટ્રીય વેપારની ઈન્કવાયરી પ્રદાન કરશે.

આ એમઓયુ પર ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયા અને અઝાઈકો ગ્લોબલ એલએલપીના એમડી સાગર છગનભાઈએ હસ્તાક્ષર કર્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સ આ એમઓયુ થકી પ્રાપ્ત થયેલી ઈન્કવાયરીને SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ ના ઈન્ટરનેશનલ ઓનલાઈન પોર્ટલ પર મૂકી, પોર્ટલના રજિસ્ટર્ડ સભ્યોને ઈન્કવાયરીના એકસેસ આપશે, જેથી વિપુલ પ્રમાણમાં ઉત્પન્ન થતી ઈન્કવાયરીનો લાભ ચેમ્બર ઓફ કોમર્સના પોર્ટલ પર રજિસ્ટર્ડ સભ્યોને મળશે.

અઝાઈકો એક ઈન્ટરનેશનલ પ્રોકયોરમેન્ટ અને ફૂલફીલમેન્ટની સંસ્થા છે. આ એમઓયુ સાઈન થવાના કારણે અનેક વેપારી મિત્રોને આંતરરાષ્ટ્રીય બજારની માંગને પૂર્ણ કરવા માટે સરળ માધ્યમથી તક મળશે.

આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ના કો-ઓર્ડિનેટર સંજય પંજાબી અને મિશન ૮૪ના સીઈઓ પરેશ ભટ્ટ ઉપસ્થિત રહયા હતા.




# ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે શાંઘાઈ ખાતે ‘ ITMA ASIA + CITME ’ એકઝીબીશનની મુલાકાત લીધી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપ પ્રમુખ વિજય મેવાવાલા અને માનદ્‌ખજાનચી કિરણ ઠુમ્મરની આગેવાનીમાં ૪૫ સભ્યોના પ્રતિનિધિ મંડળે તા. ૨૦થી ૨૮ નવેમ્બર, ૨૦૨૩ દરમિયાન ચીનના શાંઘાઈ ખાતે ટેક્ષ્ટાઈલની અત્યાધુનિક મશીનરીનું એકઝીબીશન ’ITMA ASIA + CITME’ની મુલાકાત લીધી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે આ સમયગાળા દરમિયાન ટેક્ષ્ટાઈલ ક્ષેત્રના વિકાસમાં ઉપયોગી એવા વિવિધ સ્થળોની મુલાકાત લીધી હતી.

એકઝીબીશન ઉપરાંત શાંઘાઈ શહેરમાં પ્રતિનિધિ મંડળના સભ્યોએ યાર્ન મેન્યુફેકચરીંગ પ્લાન્ટ, વિવિંગ ફેકટરીઓ, એમ્બ્રોઈડરી પ્રોડકશન ફેકટરીઓ, વર્લ્ડ ફેમસ ખચાઉ ફેબ્રિકની માર્કેટ અને યુ સિટીની મુલાકાત લીધી હતી






# ચેમ્બર ઓફ કોમર્સ ખાતે ગુજરાતના ઉદ્યોગ કમિશ્નર સાથે ઉદ્યોગકારોની મિટીંગ મળી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૨૨ નવેમ્બર, ૨૦૨૩ના રોજ સાંજે ૪:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે ગુજરાત સરકારના ઉદ્યોગ કમિશ્નર સંદિપ સાગલે (IAS) સાથે ઉદ્યોગકારોની મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરતના કલેકટર આયુષ ઓક (IAS) અને જોઈન્ટ કમિશ્નર ઓફ ઈન્ડસ્ટ્રીઝ નીલ શ્રીમાળી તથા અન્ય અધિકારીઓ તેમજ ટેક્ષ્ટાઈલ, ડાયમંડ અને જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગ સાથે સંકળાયેલા ઉદ્યોગકારો ઉપસ્થિત રહયા હતા.

ઉદ્યોગ કમિશ્નર સંદિપ સાગલેએ જણાવ્યું હતું કે, ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ના પૂર્વાર્ધ રૂપે તા. ૨૩ નવેમ્બર, ૨૦૨૩ના રોજ સરસાણા સ્થિત પ્લેટિનમ હોલ ખાતે સવારે ૯.૩૦ કલાકે 'ફયુચર રેડી પાઃ વિકસિત ભારત માટે ગુજરાતનું ટેક્ષ્ટાઈલ વિઝન'ના થીમ પર ટેક્ષ્ટાઈલ અને એપેરલ સેકટર માટે સેમિનાર યોજાશે, જેમાં તમામ ઉદ્યોગકારોને હાજર રહેવા માટે તેમણે અનુરોધ કર્યો હતો.

મિટીંગમાં ઉપસ્થિત ઉદ્યોગકારોએ વિવિધ પ્રશ્નોની ઉદ્યોગ કમિશ્નર સમક્ષ રજૂઆત કરી હતી. જેમાં મુખ્યત્વે ગુજરાત સરકારની ટેક્ષ્ટાઈલ પોલિસી ૨૦૧૯ અંતર્ગત મંજૂર થયેલી અરજીઓનું ડિસ્બર્સમેન્ટ કરવા રજૂઆત કરાઈ હતી. ઉદ્યોગકારોના રૂપિયા ૧૦ કરોડથી વધુના કલેઈમ કે જે સ્ટેટ લેવલ એમ્પાવર કમિટી દ્વારા મંજૂર કરવામાં આવે છે તે મંજૂર થઈ શકે તે માટે કમિટી મિટીંગ ગોઠવવા માટે અનુરોધ કર્યો હતો. પીએમ મિત્રા પાર્ક વહેલી તકે શરૂ થાય તે માટે રજૂઆત કરાઈ હતી.

આ ઉપરાંત વિવિંગ, નીટિંગ, એમ્બ્રોઇડરી પ્રિપરેટરી વિગેરે પ્રવૃત્તિ કરનારા ટેક્ષ્ટાઈલ એકમોને ગુજરાત સરકારની અન્ય સ્કીમોનો લાભ મળે તે અંગે રજૂઆત કરાઈ હતી. નોંધનીય છે કે, આ એકમોને માત્ર ગુજરાત સરકારની ટેક્ષ્ટાઈલ પોલિસી ૨૦૧૯નો જ લાભ મળે છે. તદુપરાંત નવી ટેક્ષ્ટાઈલ સ્કીમને તાત્કાલિક જાહેર કરવા વિનંતી કરવામાં આવી હતી.

ઉદ્યોગકારોની વિવિધ રજૂઆતોને સાંભળ્યા બાદ ઉદ્યોગ કમિશ્નર સંદિપ સાગલેએ ટૂંક સમયમાં ઉદ્યોગકારોના વિવિધ પ્રશ્નોનું નિરાકરણ લાવવાની ખાત્રી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કરી મિટીંગમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા, પૂર્વ પ્રમુખ આશીષ ગુજરાતી, ફિઆસ્વીના ચેરમેન તેમજ ચેમ્બરના પૂર્વ પ્રમુખ ભરત ગાંધી, ગુજરાતના પૂર્વ મંત્રી નાનુભાઈ વાનાણી, સાઉથ ગુજરાત વોર્પ નીટર્સ એસોસીએશનના પ્રમુખ બ્રિજેશ ગોંડલીયા તથા રમણ મેગોટીયા, સાઉથ ગુજરાત ટેક્ષ્ટાઈલ પ્રોસેસર્સ એસોસીએશન તરફથી સુનિલ શાહ, સરકયુલર નીટર્સ એસોસીએશન તરફથી વિષ્ણુજી, સુરત ડાયમંડ બુર્સના સીઈઓ મહેશ ગઢવી અને સુરત જ્વેલરી મેન્યુફેકચરીંગ એસોસીએશનના ઉપ પ્રમુખ અમિત કોરાટ તથા અન્ય પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા.




# ‘ફ્યુચર રેડી 5F: વિકસિત ભારત માટે ગુજરાતનું ટેક્ષ્ટાઇલ વિઝન’ના થીમ પર યોજાયેલા ટેક્ષ્ટાઇલ અને એપેરલ સેકટર માટેના સેમિનાર દરમ્યાન ‘વિવિંગ ટ્રેડિશન એન્ડ ટેકનોલોજી’ વિષય પર પેનલ ડિસ્કશન યોજાયું

ગુજરાત સરકાર દ્વારા ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ના પૂર્વાર્ધ રૂપે ગુરૂવાર, તા. ૨૩મી નવેમ્બર, ૨૦૨૩ના રોજ સરસાણા સ્થિત પ્લેટિનમ હોલ ખાતે ’ફ્યુચર રેડી 5F: વિકસિત ભારત માટે ગુજરાતનું ટેક્ષ્ટાઇલ વિઝન’ના થીમ પર ટેક્ષ્ટાઇલ અને એપેરલ સેકટર માટેનો સેમિનાર યોજાયો હતો. આ સેમિનાર દરમ્યાન બપોરે ૧:૩૦ કલાકે ’વિવિંગ ટ્રેડિશન એન્ડ ટેકનોલોજી’ વિષય પર પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પેનલ ડિસ્કશનમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયા અને પૂર્વ પ્રમુખ આશીષ ગુજરાતી તથા નાસકોમ ગાંધીનગરના સિનિયર ડાયરેકટર એન્ડ સેન્ટર હેડ અમિત સલુજા, આરક્રોમાના મેનેજિંગ ડિરેકટર (ઇન્ડિયા) અને વાઇસ પ્રેસિડેન્ટ (સાઉથ એશિયા) અંજનિ પ્રસાદ, હિમસન ગૃપ ઓફ ઇન્ડસ્ટ્રીઝના ડિરેકટર પ્રતિક આર. બચકાનીવાલાએ પેનલિસ્ટ તરીકે ભાગ લીધો હતો. યુનિવર્સિટી ઓફ સેન્ટ્રલ ફલોરિડાના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. ચૈત રેન્ુ પેનલ ડિસ્કશનમાં ઓનલાઈન જોડાયા હતા. એગેરઝી ટેક્ષ્ટાઇલ ઓર્ગેનાઇઝેશનના સિનિયર કન્સલ્ટન્ટ સૂર્યદેવ મુખર્જીએ આ ડિસ્કશનમાં મોડરેટર તરીકેની ભૂમિકા ભજવી હતી. પેનલિસ્ટ કમ વકતાઓએ વિવિંગ ટ્રેડિશન અને ટેકનોલોજી અંગે પોતપોતાના મંતવ્યો આપ્યા હતા.

ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીએ વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનવા માટે નવી અને અદ્યતન ટેકનોલોજી અપનાવવી જોઇએ. ટેકનોલોજીને કારણે રોજગારી પર થોડી ઘણી અસર પડે છે, પરંતુ દરેક નવી ટેકનોલોજી રોજગાર માટે નવી તકો પણ ઉભી કરે છે. દરેક ટેકનોલોજી ઘણી ફેસિલિટી આપે છે અને તેને કારણે પ્રોડકટ એફિશિયન્સી વધે છે.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં હાઇસ્પીડ વિવિંગ મશીન સુરતમાં સ્થાપવામાં આવ્યા છે. હવે એના માટે વર્કરોના સ્કીલ ડેવલપમેન્ટ ઉપર ફોકસ કરવો જોઇએ. સરકાર અને હેન્ડ હોલ્ડીંગ મશીન સપ્લાયર્સ દ્વારા આ દિશામાં ટ્રેઇનીંગ પ્રોગ્રામ ચલાવવાની જરૂર છે.

અમિત સલુજાએ જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોને કાપડના ઉત્પાદનમાં ઘણી મુશ્કેલીઓ આવે છે. આ મુશ્કેલીઓને નિવારવા માટે ડિજિટલ ટેકનોલોજી અપનાવવી જોઇએ. ટેક્ષ્ટાઇલ એકમોમાં મિડલ મેનેજમેન્ટ અને વર્કર્સ માટે ડિજિટલ લિટરસી જરૂરી છે. ડિજિટલાઇઝેશન વિશે તેઓને અપાતી ટ્રેઇનીંગ બાદ મિડલ મેનેજમેન્ટ અને વર્કર્સની પ્રોડકટીવિટી વધે છે અને ટેકનોલોજીને કારણે મશીનની પ્રોડકટ એફિશિયન્સી વધે છે. મશીનનો ડેટા ઘણો મહત્વનો સાબિત થાય છે.

અંજનિ પ્રસાદે જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલ અને ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં ફાસ્ટ ફેશનનો ટ્રેન્ડ વધારે જોવા મળે છે. બદલાતી ફેશનમાં બધાને કાપડમાં કમ્ફર્ટનેસ જોઇએ છે અને એના માટે ટેકનોલોજી મહત્વનો રોલ ભજવે છે. ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીનું ભવિષ્ય પણ થ્રીડી પ્રિન્ટીંગ છે. ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીએ ટેકનોલોજી અપડેશન અને ઇનોવેશન પર ફોકસ કરવું જરૂરી છે.

પ્રતિક બચકાનીવાલાએ જણાવ્યું હતું કે, ઇન્ડસ્ટ્રીમાં માસ પ્રોડકશન માટે પણ અદ્યતન ટેકનોલોજી અપનાવવી જોઇએ. ડો. ચૈત રેન્ુએ જણાવ્યું હતું કે, સ્ટાર્ટ-અપ માટે ઇકો સિસ્ટમ ઉભી કરવાની જરૂર છે. પેનલિસ્ટોના મતે કેટલાક સ્ટાર્ટ-અપ ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીની વિવિધ મુશ્કેલીઓના નિવારણ માટે સોલ્યુશન પ્રોવાઇડર તરીકે ભૂમિકા ભજવી રહયા છે, તેઓને વધુ પ્રોત્સાહન આપવાની જરૂર છે.




# મિશન ૮૪ પ્રોજેક્ટ અંતર્ગત નોલેજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી સાથે એમઓયુ થયા

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ કનહહય ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાના નોલેજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સાથે શનિવાર, તા. ૨૫ નવેમ્બર, ૨૦૨૩ના રોજ સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સમજૂતિ કરાર કર્યા હતા. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયા અને નોલેજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ચેરમેન ધવલ રાવલે આ સમજૂતિ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રસંગે મિશન ૮૪ના સીઈઓ પરેશ ભટ્ટ, સુમુલના મેનેજિંગ ડિરેકટર અરૂણ પુરોહિત અને નોલેજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ડાયરેકટર ડો. અમિત જોશી હાજર રહયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, નોલેજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સાથે થયેલા સમજૂતિ કરાર મુજબ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા ઉદ્યોગકારો અને નોલેજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા દેશભરના ઉદ્યોગકારોને એક પ્લેટફોર્મ પર લાવવામાં આવશે અને તેઓ એકબીજાને પ્રોકડટની લે - વેચ કરી શકે તે માટે તેઓની વચ્ચે પરસ્પર ઔદ્યોગિક અને વ્યાપારિક સંબંધો વિકસાવવામાં આવશે. બંને ચેમ્બર ઓફ કોમર્સ ભવિષ્યમાં ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ માટે સંયુકતપણે કાર્યક્રમો કરશે, જેમાં ઉદ્યોગકારોને ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રી માટે સરકારની વિવિધ યોજનાઓ અને સબસિડી તથા વૈશ્વિક સ્તરે રહેલી એક્ષ્પોર્ટની તકો વિશે માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના ફૂડ પ્રોસેસિંગ યુનિટોને એક્ષ્પોર્ટ ઓરિએન્ટેડ બનાવવા માટે પ્રયાસ કરવામાં આવશે.

ચેમ્બર પ્રમુખે નોલેજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ચેરમેન - ડાયરેકટર તથા અન્ય પ્રતિનિધિઓને કનહહય ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી અને ભારતની અર્થ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે આ પ્રોજેકટની જરૂરિયાત અને તેના મહત્વ વિષે સમજણ આપી હતી. આ પ્રોજેકટ અંતર્ગત એક્ષ્પોર્ટને વધારવા માટે ચેમ્બર ઓફ કોમર્સે મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત બનાવેલા ઓનલાઇન ઈન્ટરનેશનલ પોર્ટલ અંગે પણ વિસ્તૃત જાણકારી આપી હતી.

આ પોર્ટલ પર ભારતના ૮૪,૦૦૦ ઉદ્યોગકારો અને વિશ્વના જુદા-જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવાની બાબત પણ સમજાવી હતી. એવી રીતે ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઈન ઈન્ટરનેશનલ પોર્ટલ પર લાવવા વિશે જાણકારી આપી હતી.

મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા એમ્બેસેડર્સને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરી ઉદ્યોગકારોને વ્યાપાર માટે જે તે દેશોમાં રહેલી તકો તથા ત્યાંના કાયદા અને નિયમો વિશે માર્ગદર્શન આપવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે.

જે અંતર્ગત ભારતમાં કાર્યરત જુદા-જુદા દેશોના કોન્સુલ જનરલો સાથે થઇ રહેલી મિટીંગોથી પણ ચેમ્બર પ્રમુખે નોલેજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ચેરમેન સહિતના પ્રતિનિધીઓને વાકેફ કર્યા હતા. નોલેજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ચેરમેન ધવલ રાવલે ચેમ્બર પ્રમુખને જણાવ્યું હતું કે, તેમની સાથે જોડાયેલા દેશભરના સભ્યોને મિશન ૮૪ પ્રોજેકટની સાથે જોડીશું અને ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીને તેનો મહત્તમ લાભ મળે તે માટે પ્રયાસ કરીશું.












# દુબઇ ખાતે ફોગવા દ્વારા આયોજિત 'વાઇબ્રન્ટ ટેક્ષ્ટાઇલ એક્ષ્પો- ૨૦૨૩'નો ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અને માનદ્ મંત્રીની હાજરીમાં શુભારંભ

ફેડરેશન ઓફ ગુજરાત વિવર વેલ્ફેર એસોસીએશન (ફોગવા)ના ઉપક્રમે દુબઈમાં શારજાહ એક્ષ્પો સેન્ટર ખાતે તા. ૨૮થી ૩૦ નવેમ્બર, ૨૦૨૩ દરમ્યાન 'વાઈબ્રન્ટ ટેક્ષ્ટાઈલ એક્ષ્પો- ૨૦૨૩'નું આયોજન કરવામાં આવ્યું હતું.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયા અને માનદ્મંત્રી નિખિલ મદ્રાસીની હાજરીમાં આ એક્ષ્પોનો શુભારંભ થયો હતો. એકઝીબીશનમાં ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારોએ વિવિધ સ્ટોલની મુલાકાત લઇ ફેબ્રિકસ વિશે વિસ્તૃત જાણકારી મેળવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગકારોને ગ્લોબલી પ્લેટફોર્મ પૂરુ પાડવાના હેતુથી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા બે વર્ષ પહેલા દુબઇ ખાતે એકઝીબીશન યોજાયું હતું, જેમાં ટેક્ષ્ટાઈલ ઉદ્યોગકારોને દુબઈના સ્થાનિક બાયર્સનો ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. દરમ્યાન સુરતના ફેડરેશન ઓફ ગુજરાત વિવર વેલ્ફેર એસોસીએશન (ફોગવા) દ્વારા દુબઇ ખાતે 'વાઇબ્રન્ટ ટેક્ષ્ટાઇલ એક્ષ્પો-૨૦૨૩' યોજાયો હતો.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, દુબઇ ખાતે ફોગવા દ્વારા યોજાયેલા ઉપરોકત એકઝીબીશનને પગલે સુરતના ઉદ્યોગકારોને વૈશ્વિક સ્તરે પોતાની પ્રોડકટને ડિસ્પ્લે કરવાની તેમજ દુબઈના સ્થાનિક બાયર્સ સાથે સીધો સંપર્ક સાધવાની વિશાળ તક મળી હતી, આથી દુબઇ ખાતે વાઈબ્રન્ટ ટેક્ષ્ટાઇલ એક્ષ્પોના આયોજન માટે તેમણે ફોગવાના પ્રમુખ અશોક જીરાવાલા તથા તેમની સમગ્ર ટીમને અભિનંદન આપ્યા હતા.

ફોગવા દ્વારા આયોજિત 'વાઈબ્રન્ટ ટેક્ષ્ટાઈલ એક્ષ્પો- ૨૦૨૩'નો ઉદ્ઘાટન સમારોહ તા. ૨૮ નવેમ્બર ૨૦૨૩ના રોજ યોજાયો હતો, જેનું ઉદ્ઘાટન શારજાહ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સેકન્ડ વાઇસ ચેરમેન હીઝ એકસીલન્સ વાલીદ અબ્દુલ રહમાન બુખાતિરના હસ્તે કરવામાં આવ્યું હતું.

ઉદ્ઘાટન સમારોહમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયા અને માનદ્ મંત્રી નિખિલ મદ્રાસી ઉપરાંત શારજાહ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ડાયરેકટર જનરલ હીઝ એકસલન્સી મોહંમદ અહમદ અમિન અલ અવાદી, સેલ્સ એન્ડ માર્કેટીંગના ડાયરેકટર સુલતાન શતાફ, બોર્ડ ઓફ ડિરેકટર્સ, બોર્ડ મેમ્બર્સ અને સરકારી અધિકારીઓ તથા દુબઈના કાઉન્સીલર બિજેન્દર સિંઘ, ટેકસમાસના પ્રમુખ જગદીશ અમરનાની, દુબઈના રિગલ ગૃપના વાસુ શ્રોફ અને દુબઈના નારોલા ગૃપના બ્રિજેશ નારોલા ઉપસ્થિત રહયા હતા.





# મિશન ૮૪ અંતર્ગત દુબઇ ખાતે કેસીઆઇ ગૃપની સાથે મિટીંગ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયા અને માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત વિવિધ ઔદ્યોગિક એસોસીએશનોની મુલાકાતાર્થે દુબઈ પ્રવાસ દરમ્યાન સોમવાર, તા. ૨૭ નવેમ્બર, ૨૦૨૩ના રોજ વિશ્વના જુદા-જુદા દેશોમાં નેટવર્ક ધરાવતી ટ્રેડીંગ ઓર્ગેનાઇઝેશન કેસીઆઇ ગૃપના ચેરમેન બેન નોફલર, એકઝીકયુટીવ ડાયરેકટર એન્ડ સીએફઓ ઝીશાન શકીલ ઝીલી અને એકઝીકયુટીવ ડાયરેકટર (બિઝનેસ ડેવલપમેન્ટ એન્ડ સેલ્સ) ઓલ્ગા પરસુકોવા સાથે મિટીંગ કરી હતી.

ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાએ કેસીઆઇ ગૃપના પ્રતિનિધિઓને SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રોજેકટ અંતર્ગત એક્ષ્પોર્ટને વધારવા માટે ચેમ્બર ઓફ કોમર્સે બનાવેલા ઓનલાઇન ઈન્ટરનેશનલ પોર્ટલ અંગે પણ વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે આ પોર્ટલ પર ભારતના ૮૪,૦૦૦ ઉદ્યોગકારો અને વિશ્વના જુદા-જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવાની બાબત પણ સમજાવી હતી. એવી જ રીતે ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઈન ઈન્ટરનેશનલ પોર્ટલ પર લાવવા વિશે જાણકારી આપી હતી.

મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા એમ્બેસેડર્સને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરી ઉદ્યોગકારોને વ્યાપાર માટે જે તે દેશોમાં રહેલી તકો તથા ત્યાંના કાયદા અને નિયમો વિશે માર્ગદર્શન આપવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે, જે અંતર્ગત ભારતમાં કાર્યરત જુદા-જુદા દેશોના કોન્સુલ જનરલો સાથે થઇ રહેલી મિટીંગોથી પણ ચેમ્બર પ્રમુખે કેસીઆઇ ગૃપના ચેરમેન સહિતના પ્રતિનિધીઓને વાકેફ કર્યા હતા.

ચેમ્બર પ્રમુખે જણાવ્યું હતું કે, દુબઇનું કેસીઆઇ ગૃપ વિશ્વના જુદા-જુદા દેશોમાં નેટવર્ક ધરાવતી ટ્રેડીંગ ઓર્ગેનાઇઝેશન છે. ઇન્ટરનેશનલ ટ્રેડીંગ એન્ડ ટ્રેડ કન્સલ્ટીંગ માટે જાણીતું આ ગૃપ વિશ્વભરમાં પ્રોડકશન, માઇનીંગ, પ્રોસેસિંગ, રિસાયકલીંગ એન્ડ ટ્રેડીંગમાં કાર્યરત છે. આ ગૃપ ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ અંતર્ગત જોડાયેલા ઉદ્યોગકારોને તેમજ સભ્યોને આંતરરાષ્ટ્રીય વેપાર માટેની ઇન્કવાયરી ફોરવર્ડ કરશે, જેના માધ્યમથી સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો માટે આંતરરાષ્ટ્રીય વેપારની તકો વધશે. ખાસ કરીને મિશન ૮૪ અંતર્ગત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકોને એક્ષ્પોર્ટ માટેની નવી તકોની માહિતી મળી રહેશે.

વધુમાં ચેમ્બર પ્રમુખે કેસીઆઇ ગૃપના ચેરમેન સહિતના પ્રતિનિધીઓને દુબઇના ઉદ્યોગકારો સાથે સુરત ખાતે ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વિવિધ ઉદ્યોગોની મુલાકાત માટે આમંત્રણ આપ્યું હતું, જેનો કેસીઆઇ ગૃપે સહર્ષ સ્વીકાર કર્યો હતો. સાથે જ કેસીઆઇ ગૃપના ચેરમેન બેન નોફલરે ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ની સાથે જોડાઇ બે દેશો વચ્ચેના વ્યાપારને વધારવા માટે પ્રયાસ કરવા સહયોગ આપવાની ખાત્રી આપી હતી.










# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઉત્પાદકો અને વેપારીઓને ફાયર ઇન્સ્યોરન્સ પોલિસીઝ અંગે સમજણ આપવા સેમિનાર યોજાયો

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઉત્પાદકો અને વેપારીઓને ફાયર ઈન્સ્યોરન્સ પોલિસીઝની સમજણ આપવાના હેતુથી ગુરૂવાર, તા. ૩૦ નવેમ્બર, ૨૦૨૩ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે ઈન્સ્યોરન્સ સર્વેયર એન્ડ લોસ એસેસર તેમજ પ્લાન્ટ અને મશીનરીના વેલ્યુઅર મિતેશ દેસાઈએ ફાયર ઈન્સ્યોરન્સ પોલિસીઝ અંગે ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓને સમજણ આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓને મશીનરીથી લઈને ઓફિસ અને ગોડાઉનની સુરક્ષિતતા સુધીના અનેક પાસાઓ વિશે વિચારવું પડે છે. પોલિસી લેતા પહેલા તેના સકારાત્મક અને નકારાત્મક પાસાઓ વિશે યોગ્ય માહિતી મેળવ્યા બાદ જ પોતાના ઉદ્યોગને અનુરૂપ ફાયર પોલિસી લેવી જોઈએ. હાલમાં પોલિસી બજારમાં ફાયરને લગતી અનેક પ્રકારની ઈન્સ્યોરન્સ પોલિસીઓ જોવા મળે છે, ત્યારે કમનસીબે બનેલી આકસ્મિક ઘટનામાં થયેલા નુકસાનનું વળતર ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓ મેળવી શકે તે માટે જુદી-જુદી ઈન્સ્યોરન્સ પોલિસી વિષે તેઓને માહિતગાર કરવાના હેતુથી સેમિનારનું આયોજન કરાયું હતું.

મિતેશ દેસાઈએ ઉદ્યોગ સાહસિકોને પોલિસીના પ્રીમિયમ પર નહીં પરંતુ પોલિસીમાં ક્લેઈમ થનાર મશીનરી, બિલ્ડીંગ, સંસાધનોની રકમ પર ધ્યાન આપવા જણાવ્યું હતું. ઈન્સ્યોરન્સ કંપનીને પોલિસી ક્લેઈમના સમયે પૂરાવાઓને કેવી રીતે રજૂ કરવા જેથી ક્લેઈમ મેળવવામાં સરળતા રહે તે અંગે ઉદ્યોગકારોને સમજણ આપી હતી. તેમણે ઉદ્યોગ સાહસિકોને ફાયર પોલિસીના તમામ પાસાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

વધુમાં તેમણે ઉદ્યોગ સાહસિકોને ભારત ગૃહ ઉદ્યોગ, ભારત સૂક્ષ્મ ઉદ્યોગ સુરક્ષા અને ભારત લઘુ ઉદ્યોગ સુરક્ષા પોલિસી વિશે પણ વિસ્તૃત જાણકારી આપી હતી. સાથે જ રિસ્ક, પેરિલ અને હઝાર્ડ વચ્ચેનું અંતર સમજાવ્યું હતું. તેમણે ઉદ્યોગ સાહસિકોને તેમના ક્ષેત્રને અનુરૂપ પોલિસી લેવા અનુરોધ કર્યો હતો.

તેમણે પોલિસીનું ક્લેઈમ મેળવવામાં અડચણરૂપ થનારી કેટલીક બાબતો વિશે ઉદ્યોગ સાહસિકોનું ધ્યાન દોર્યું હતું. જેમાં રજિસ્ટ્રેશન નંબર, કંપનીનું સરનામું, પાનકાર્ડ, આધારકાર્ડ પર એડ્રેસ, નામની સ્પેલિંગ વિગેરે બાબતોને પોલિસી લેતા પહેલાં જ ચોકસાઈથી ચેક કરી તેમાં સુધારા કરવાની સલાહ તેમણે ઉદ્યોગ સાહસિકોને આપી હતી. આવી રીતે તેમણે ઉપલબ્ધ ફાયર ઈન્સ્યોરન્સ પોલિસી અંતર્ગત જોખમ કવરેજની માહિતી આપી હતી. યોગ્ય વીમાની રકમ નક્કી કરવા માટેની જરૂરી સાવચેતી વિષે જાણકારી આપી હતી. સાથે જ વધારાના કવર વિશે અને આગ લાગવાને કારણે ધંધામાં થતા નુકસાન માટે કવરેજની વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ગ્રુપ ચેરમેન નિરવ માંડલેવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, એક અંદાજ પ્રમાણે ઈન્ડસ્ટ્રીઝમાં આજે ૮૫થી ૯૦ ટકા લોકોની ફાયર ઈન્સ્યોરન્સ પોલિસી અંડર ઈન્સ્યોરન્સ પ્રમાણે લેવામાં આવે છે. આ અન્ડર ઈન્સ્યોરન્સની ટકાવારી ૧૦થી ૬૦ ટકા સુધીની હોય છે. જેને કારણે ઉદ્યોગકારોને આગની ઘટનાઓમાં અન્ડર ઈન્સ્યોરન્સના ડિડકશનને કારણે મોટું આર્થિક નુકસાન ક્લેઈમમાં થાય છે, આથી તમામ ઉદ્યોગકારોએ પોતાના ફેકટરીના વીમાની રકમ રિવ્યુ કરી આજના ભાવ પ્રમાણે પોલિસી લેવી જોઈએ, જેથી અન્ડર ઈન્સ્યોરન્સની રકમ નહીં કપાય અને પૂરેપૂરો વીમો મળી શકે.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્‌ખજાનચી કિરણ ઠુમ્મરે કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની ઈન્સ્યોરન્સ કમિટીના ચેરમેન એન.સી. પટેલે વકતાનો પરિચય આપ્યો હતો. જ્યારે કો-ચેરમેન બિપીન હિરપરાએ સમગ્ર સેમિનારનું સંચાલન કર્યું હતું. સેમિનારમાં ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકોના ઈન્સ્યોરન્સ પોલિસી સંબંધિત વિવિધ સવાલોના વકતાએ જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.






# મિશન ૮૪ અંતર્ગત દુબઇ ગ્લોબલ કનેકટના પ્રતિનિધિ પોલ બુટ્સ સાથે દુબઇમાં મિટીંગ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયા અને માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત વિવિધ ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વેપારી એસોસીએશનોની મુલાકાતાર્થે દુબઈ પ્રવાસ દરમ્યાન મંગળવાર, તા. ૨૮ નવેમ્બર, ૨૦૨૩ના રોજ દુબઈ ખાતે દુબઈ ગ્લોબલ કનેકટના પ્રતિનિધિ પોલ બુટ્સ સાથે મિટીંગ કરી હતી.

દુબઈ ગ્લોબલ કનેકટ એ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન ઓફ દુબઈનું ઈનીશિએટીવ છે, જે એક આંતરરાષ્ટ્રીય બજાર કેન્દ્ર છે. દુબઈ ગ્લોબલ કનેકટ સમગ્ર વિશ્વમાંથી ખરીદદારો અને વેચાણકર્તાઓને સુરક્ષિત અને સરળ વેપાર માટે એક કોમન ફિઝીકલ પ્લેટફોર્મ બનાવી રહયું છે એના પર સમગ્ર વિશ્વમાંથી વેપારીઓને એક જ જગ્યાએ ખરીદ - વેચાણ કરવાની સુવિધા આપે છે, જે કામ SGCCI ઓનલાઈન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ પર વર્ચ્યુઅલી સાકાર કરવા જઇ રહી છે.

ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાએ સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ હેતુ છેલ્લાં ૮૪ વર્ષથી કાર્યરત SGCCIની વિવિધ પ્રવૃત્તિઓ વિશે દુબઈ ગ્લોબલ કનેકટના પ્રતિનિધિ પોલ બુટ્સને માહિતી આપી હતી.

તેમણે મિશન ૮૪ પ્રોજેકટથી તેઓને વાકેફ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, મિશન ૮૪ અંતર્ગત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો દુબઈના વેપારીઓ સાથે સીધા સંપર્કમાં આવી શકે, જેથી કરીને તેઓ પરસ્પર એકબીજાને પ્રોડકટ અને સર્વિસિસની લે - વેચ કરી શકે. સાથે જ તેઓની વચ્ચે વ્યાપારિક સંબંધો ગાઢ બને અને ભારતથી એક્ષ્પોર્ટમાં વધારો થાય તે માટે ચેમ્બર ઓફ કોમર્સ સતત પ્રયાસો કરી રહયું છે.

ભારત અને દુબઈના દ્વિપક્ષીય વ્યાપારિક સંબંધો વધુ મજબુત બને તે માટે મિશન ૮૪ની સાથે જોડાવા માટે તેમણે દુબઈ ગ્લોબલ કનેકટના પ્રતિનિધિ પોલ બુટ્સને અનુરોધ કર્યો હતો. પોલ બુટ્સે પણ ચેમ્બર ઓફ કોમર્સના અતિ મહત્વાકાંક્ષી મિશન ૮૪ પ્રોજેકટને સંપૂર્ણ સહયોગ આપવાની ખાત્રી આપી હતી.

સાથે જ ભવિષ્યમાં સુરતના ઉદ્યોગકારો અને દુબઈના વેપારીઓને એક પ્લેટફોર્મ પર લાવવા પ્રયાસ કરીશું તેમ જણાવ્યું હતું. ચેમ્બર પ્રમુખે તેમને દુબઈના વેપારીઓ સાથે સુરત ખાતે ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વિવિધ ઉદ્યોગોની મુલાકાત માટે આમંત્રણ આપ્યું હતું, જેનો પોલ બુટ્સે સહર્ષ સ્વીકાર કર્યો હતો.



# દુબઇ ખાતે મિશન ૮૪ અંતર્ગત ટેક્ષમાસના ચેરમેન સહિતના હોદ્દેદારો સાથે મિટીંગ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયા અને માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત વિવિધ ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વેપારી એસોસીએશનોની મુલાકાતાર્થે દુબઈ પ્રવાસ દરમ્યાન બુધવાર, તા. ૨૯ નવેમ્બર, ૨૦૨૩ના રોજ સવારે દુબઈના ટેક્ષ્ટાઈલ મર્ચન્ટ્સ ગૃપ (ટેક્ષમાસ)ના હોદ્દેદારો સાથે રૂબરૂ મુલાકાત કરી હતી. જેમાં ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયા અને માનદ્મંત્રી નિખિલ મદ્રાસી તથા ટેક્ષમાસના ચેરમેન જગદિશ અમરનાની, જનરલ સેક્રેટરી સચુવ મનવાની અને જોઈન્ટ સેક્રેટરી કિશોર સાવલાની ઉપસ્થિત રહયા હતા. ટેક્ષમાસ એ દુબઈના ટેક્ષ્ટાઈલ ટ્રેડર્સ દ્વારા બનાવવામાં આવેલી ૩૫૦થી વધુ આંતરરાષ્ટ્રીય વેપારીઓની એપેકસ બોડી છે અને એના સભ્યો દ્વારા વિશ્વના ૯૦ જેટલા દેશો સાથે ઈમ્પોર્ટ - એકસપોર્ટ કરવામાં આવે છે.

ચેમ્બર પ્રમુખે ટેક્ષમાસના હોદ્દેદારોને SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંગે વિસ્તૃત જાણકારી આપી તેની સાથે જોડાવા માટે અનુરોધ કર્યો હતો. ટેક્ષમાસના ચેરમેને પણ સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગકારો દુબઈના ઉદ્યોગકારો સાથે સીધો વ્યાપાર કરી શકે તે માટે મિશન ૮૪ પ્રોજેકટને સહયોગ આપશે તેમ જણાવ્યું હતું. આ મિટીંગમાં દુબઈના વિકસિત ટેક્ષ્ટાઈલ ઉદ્યોગનો લાભ સુરત સહિત દક્ષિણ ગુજરાતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગકારોને કઈ રીતે મળી શકે? તેમજ સુરતના ઉદ્યોગકારોની ટેક્ષ્ટાઈલ પ્રોડકટ દુબઈના વેપારીઓને કઈ રીતે એક્ષ્પોર્ટ કરી શકાય? તે અંગે ચેમ્બર ઓફ કોમર્સ અને ટેક્ષમાસના હોદ્દેદારો વચ્ચે વિસ્તૃત ચર્ચા થઈ હતી.






# DMCCના સેલ્સ એન્ડ બિઝનેસ ડેવલપમેન્ટના ડાયરેક્ટર મારવન સાલેહ સાથે મિટીંગ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયા અને માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત વિવિધ ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વેપારી એસોસીએશનોની મુલાકાતાર્થે દુબઇ પ્રવાસ દરમ્યાન બુધવાર, તા. ૨૯ નવેમ્બર, ૨૦૨૩ના રોજ દુબઇ મલ્ટી કોમોડીટીઝ સેન્ટર (DMCC)ના સેલ્સ એન્ડ બિઝનેસ ડેવલપમેન્ટના ડાયરેકટર મારવન સાલેહ સાથે મિટીંગ કરી હતી.

દુબઇ મલ્ટી કોમોડીટીઝ સેન્ટર એ દુબઈમાં વિશ્વનું સૌથી વધુ ઈન્ટરકનેકટેડ ઈકોનોમિક ફ્રી ટ્રેડ ઝોન છે. DMCCની પ્રિમાઈસિસમાં ૪૦૦૦થી પણ વધુ કંપનીઓ આવેલી છે, જે વૈશ્વિક કક્ષાએ બિઝનેસ કરી રહી છે.

ચેમ્બર પ્રમુખે DMCCના ડાયરેકટર સમક્ષ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું, જેનાથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા અને મિશન ૮૪ની સાથે જોડાવા માટેની તૈયારી દર્શાવી હતી. આ સંદર્ભે ભવિષ્યમાં મિશન ૮૪ અંતર્ગત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) અને દુબઇ મલ્ટી કોમોડીટીઝ સેન્ટર (DMCC) વચ્ચે સમજૂતિ કરાર કરવામાં આવશે, જેના અંતર્ગત DMCCની પ્રિમાઈસિસમાં આવેલી કંપનીઓના માલિકોને મિશન ૮૪ના ઓનલાઈન ઈન્ટરનેશનલ પોર્ટલની સાથે ઓનબોર્ડ કરવા તેમજ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોને લાભ થાય તે માટે તેઓને દુબઈમાં વ્યાપાર માટેની સુવિધા આપવા અંગે સંયુકતપણે પ્રયાસો કરવા સંદર્ભે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.




# દુબઇ ખાતે મિશન ૮૪ અંતર્ગત DUQEના જનરલ મેનેજર ઘેથ અલ ડેકરની સાથે મુલાકાત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયા અને માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત વિવિધ ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વેપારી એસોસીએશનોની મુલાકાતાર્થે દુબઈ પ્રવાસ દરમ્યાન ગુરૂવાર, તા. ૩૦ નવેમ્બર, ૨૦૨૩ના રોજ દુબઈ ખાતે DUQEના જનરલ મેનેજર ઘેથ અલ ડેકરની સાથે મુલાકાત કરી હતી. આ સંસ્થા DUQE ફ્રી ઝોનમાં કંપની શરૂ કરવા માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડે છે.

DUQE દ્વારા દુબઈમાં ૧૦૦ વર્ષ જૂનું એલીઝાબેથ- ૨ નામનું શીપ રિટાયર થયું ત્યારે એને ઈન્ફ્રાસ્ટ્રકચરમાં કન્વર્ટ કર્યું હતું અને ત્યાં ઉદ્યોગ સાહસિકોને બિઝનેસ કરવા હેતુ કંપનીઓ શરૂ કરવા ઈન્ફ્રાસ્ટ્રકચરની સુવિધા આપે છે. DUQE ફ્રી ઝોનમાં આવેલી કંપનીઓને હજારો વ્યવસાયિક પ્રવૃત્તિઓની એક્સેસ મળે છે.

ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાએ DUQEના જનરલ મેનેજર ઘેથ અલ ડેકર સમક્ષ SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ પ્રોજેક્ટ રજૂ કર્યો હતો અને આ પ્રોજેક્ટની સાથે જોડાવા અનુરોધ કર્યો હતો. તેમણે સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓ દુબઈમાં પોતાની પ્રોડકટ વેચી શકે તે હેતુ ઓફિસ શરૂ કરવા મદદ કરવા માટે અનુરોધ કર્યો હતો. DUQEના જનરલ મેનેજર ઘેથ અલ ડેકરે પણ ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ પ્રોજેક્ટને સહયોગ કરવા તેમજ સુરતના ઉદ્યોગકારો - વેપારીઓને દુબઈમાં કંપની તેમજ ઓફિસ શરૂ કરવા માટે ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડવાની ખાત્રી આપી હતી.



# દુબઇમાં બ્લેક સ્વાન બિઝનેસ સેટઅપ સર્વિસિસના પ્રતિનિધિઓ સાથે મિટીંગ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયા અને માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત દુબઇ ખાતે દુબઈના બ્લેક સ્વાન બિઝનેસ સેટઅપ સર્વિસિસના વાઈસ પ્રેસિડેન્ટ (સેલ્સ) આનંદ વત્સ સાથે મુલાકાત કરી હતી. બ્લેક સ્વાન બિઝનેસ સેટઅપ સર્વિસિસ પણ દુબઈમાં બિઝનેસ સેટઅપની જરૂરિયાતો માટે સર્વિસ આપે છે.

તેઓ તમામ વ્યવસાય સેટઅપ જરૂરિયાતોને પૂરી કરે છે. તેઓની નિષ્ણાંતોની ટીમ કંપની સ્થાપવાના ક્ષેત્રમાં બહોળો અનુભવ ધરાવે છે અને કંપનીની નોંધણીથી લઈને લાયસન્સ પ્રાપ્તિ, વિઝા પ્રોસેસિંગ, કાનૂની દસ્તાવેજીકરણ, બેંક એકાઉન્ટ ખોલવા અને ઓફિસ સેટઅપ કરવા મદદ કરે છે, આથી ચેમ્બર પ્રમુખે સુરતના ઉદ્યોગકારો - વેપારીઓને દુબઈમાં બિઝનેસ સેટઅપ તેમજ ઓફિસ શરૂ કરવા માટેની જરૂરિયાતોને પૂર્ણ કરવા મદદરૂપ થવા વિનંતી કરી હતી. આનંદ વત્સે પણ સુરતના ઉદ્યોગકારોને દુબઈમાં બિઝનેસ સેટઅપ કરવા માટે મદદ કરવાની ખાત્રી આપી હતી.

ચેમ્બર પ્રમુખે આનંદ વત્સને SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટથી વાકેફ કરી તેની સાથે જોડાવા અનુરોધ કર્યો હતો. આનંદ વત્સ મિશન ૮૪ પ્રોજેકટથી પ્રભાવિત થયા હતા અને તેમણે ચેમ્બર પ્રમુખ પાસેથી વિગતવાર માહિતી મેળવી આ મહત્વાકાંક્ષી પ્રોજેકટની જોડાવા માટેની તૈયારી દર્શાવી હતી.

ચેમ્બર પ્રમુખે ઉપરોકત બંને કંપનીઓના પ્રતિનિધિઓને દુબઈના વેપારીઓ સાથે સુરત ખાતે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની તેમજ વિવિધ ઉદ્યોગોની મુલાકાત માટે આમંત્રણ આપ્યું હતું, જેનો તેઓએ સહર્ષ સ્વીકાર કર્યો હતો.



## અભિનેતા દેવ આનંદને શ્રદ્ધાંજલિ આપવા તેમની ફિલ્મો પરથી જીવનને પ્રેરિત કરતા વિવિધ પ્રસંગોનું વિશ્લેષણ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સ્ટાઈલ આઈકોન એવા અભિનેતા દેવ આનંદને તેમની ૧૦૦મી જન્મ જયંતિ નિમિત્તે તેઓને શ્રદ્ધાંજલિ અર્પવાના હેતુથી શનિવાર, તા. ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે તેમની 'ગાઈડ', 'જ્વેલ થીફ', 'હમ દોનો', 'જોની મેરા નામ', 'તેરે મેરે સપને' અને 'હરે રામ હરે કૃષ્ણ' ફિલ્મ બતાવવામાં આવી હતી.




આ ફિલ્મમાં દર્શાવેલા વિવિધ દ્રશ્યોને ટાંકીને, સિનિયર કોર્પોરેટ ટ્રેઈનર એન્ડ બિઝનેસ ગ્રોથ સ્ટ્રેટેજીસ્ટ શ્રી મૃણાલ શુક્લ અને જાણીતા નાટ્યકાર શ્રી નરેશ કાપડીયા દ્વારા જીવનને પ્રેરિત કરતા વિવિધ પ્રસંગોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.






# ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામ, વિદ્યાર્થીઓએ ટ્રાફિકના નિયમોનું પાલન કરવાના શપથ લીધા

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૪ ઓકટોબર, ૨૦૨૩ના રોજ ઉધના - મગદલ્લા રોડ સ્થિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે આર્કિટેકટ વિભાગમાં 'ટ્રાફિક અવેરનેસ' પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમો તથા કાયદાઓ વિશે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. આ પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓએ ટ્રાફિકના નિયમોનું પાલન કરવાના શપથ પણ લીધા હતા.

ચેમ્બર ઓફ કોમર્સની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના ચેરપર્સન શ્રીમતી કામિનીબેન ડુમસવાલા, કો-ચેરમેન શ્રી મુકેશ પટેલ અને સભ્ય શ્રી બ્રિજેશ વર્માએ વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમો અંગે સમજણ આપી હતી. સાથે જ સુરત આરટીઓના આસિસ્ટન્ટ ઈન્સ્પેકટર શ્રી એ.એસ. સવાણીએ વિદ્યાર્થીઓને ટ્રાફિક તથા આરટીઓના નિયમો વિશે માહિતી આપી હતી. આ પ્રસંગે આર્કિટેકટ વિભાગના પ્રિન્સીપાલ શ્રી રાજેશ મહેતા અને પ્રોફેસર શ્રી ગજેન્દ્ર મજીઠીયા ઉપસ્થિત રહયા હતા.






# ગૃહિણીઓ તથા રહીશોને કિચન ગાર્ડનની તાલીમ અપાઇ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા નાયબ બાગાયત નિયામક સુરતની કચેરીના સંયુક્ત ઉપક્રમે શુક્રવાર, તા. ૨૦ ઓકટોબર, ૨૦૨૩ના રોજ બપોરે ૧:૦૦ કલાકે પાલ - હજીરા રોડ સ્થિત વીર સ્વસ્તિક હાઇટ્સ ખાતે 'કિચન ગાર્ડન'ની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાગાયત અધિકારી શ્રી અંકુર પટેલ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક શ્રીમતી ભક્તિબેન પંચાલે વીર સ્વસ્તિક હાઇટ્સની ગૃહિણીઓ તથા રહીશોને કિચન ગાર્ડનની તાલીમ આપી હતી.

આ પ્રસંગે ચેમ્બરની એગ્રીકલ્ચર કમિટીના ચેરમેન શ્રી કે.બી. પીપલીયા તથા શ્રી પિયુષ ચાહવાલા અને ૬૦થી વધુ ગૃહિણીઓ હાજર રહયા હતા. કાર્યક્રમના અંતે તમામ તાલીમાર્થીઓને બિયારણ કીટ, કુંડા, ફૂલોની ગાંઠ જેવી ગાર્ડન માટે ઉપયોગી સામગ્રી અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.

## એસબીસીની 'બિઝનેસ પ્રેઝન્ટેશન તથા ફીચર પ્રેઝન્ટેશન'અને ટ્રેઇનીંગ સેશન અંતર્ગત મિટીંગ મળી



ગુરૂવાર, તા. ૧૯ ઓકટોબર, ૨૦૨૩ના રોજ એસજીસીસીઆઇ બિઝનેસ કનેકટ - એસબીસીની 'બિઝનેસ પ્રેઝન્ટેશન તથા ટ્રેઇનીંગ સેશન'અંતર્ગત પાલ ખાતે ક્રેટોઝ ક્લબમાં મિટીંગ મળી હતી, જેમાં એસબીસીના સભ્યો તથા મુલાકાતીઓ મળીને ૫૦થી વધુ સભ્યોએ હાજરી આપી હતી.

એસબીસીના કો ચેરમેન શ્રી ચંદ્રકાંત જરીવાલાના અધ્યક્ષપદે મિટીંગ યોજાઈ હતી, જેમાં તેમણે સર્વેને આવકારી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની તથા એસબીસીની પ્રવૃત્તિઓ અંગે વિગતવાર માહિતી આપી હતી.

એસબીસીના ચેરમેન શ્રી ચિરાગ દેસાઈએ એસબીસીના સભ્યોને ટ્રેઇનીંગ આપનાર શ્રી રવિભાઇ સાપરિયાનું સ્વાગત કર્યું હતું. શ્રી રવિભાઇએ એસબીસી એપ્લીકેશનના ઉપયોગ અને ફીચર વિષે ખૂબ જ ઉપયોગી માહિતી આપી સભ્યોના વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા.

એસબીસીના સભ્ય શ્રી અંકિતાબેન વાળંદ તથા અન્ય સભ્યો દ્વારા કમિટીના સભ્યો તથા મુલાકાતીઓ માટે બિઝનેસ પ્રેઝન્ટેશનનું સંચાલન કરવામાં આવ્યું હતું. શ્રીમતી સ્નેહાબેન જરીવાલાએ મિટીંગમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ત્યારબાદ ડીનર વિથ નેટવર્કિંગનો આનંદ લઇ સૌ સભ્યો એકબીજાને વધુ બિઝનેસ આપવાની ખાતરી સાથે છૂટા પડયા હતા

---

## એસબીસીની 'બિઝનેસ પ્રેઝન્ટેશન તથા ફીચર પ્રેઝન્ટેશન'અને ટ્રેઇનીંગ સેશન અંતર્ગત મિટીંગ મળી



શનિવાર, તા. ૨૧ ઓકટોબર, ૨૦૨૩ના રોજ એસજીસીસીઆઇ બિઝનેસ કનેકટ - એસબીસીની 'બિઝનેસ પ્રેઝન્ટેશન તથા ફીચર પ્રેઝન્ટેશન'અને ટ્રેઇનીંગ સેશન અંતર્ગત પાલ ખાતે ક્રેટોઝ ક્લબમાં મિટીંગ મળી હતી, જેમાં એસબીસીના સભ્યો તથા અન્ય મુલાકાતીઓએ હાજરી આપી હતી.

એસબીસીના કો ચેરમેન શ્રી નિરવ બરફીવાલાના અધ્યક્ષપદે મિટીંગ યોજાઈ હતી, જેમાં તેમણે સર્વેને આવકારી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની તથા એસબીસીની પ્રવૃત્તિઓ અંગે વિગતવાર માહિતી આપી હતી.

એસબીસીના કો ચેરમેન શ્રી મુફદ્દલ હૈદરમોટાએ એસબીસીના સભ્યોને ટ્રેઇનીંગ આપનાર શ્રી રવિભાઇ સાપરિયાનું સ્વાગત કર્યું હતું. શ્રી રવિભાઇએ એસબીસી એપ્લીકેશનના ઉપયોગ અને ફીચર વિષે ખૂબ જ ઉપયોગી માહિતી આપી સભ્યોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા.


એસબીસીના કો ચેરમેન શ્રી મુફદ્દલ હૈદરમોટા તથા અન્ય સભ્યો દ્વારા કમિટીના સભ્યો તથા મુલાકાતીઓ માટે બિઝનેસ પ્રેઝન્ટેશનનું સંચાલન કરવામાં આવ્યું હતું. ફીચર પ્રેઝન્ટેશન આપનાર સભ્યોનો પરિચય શ્રી કેતન શાહે આપ્યો હતો. આ મિટીંગમાં એસબીસીના સભ્ય શ્રી નીરવ બરફીવાલાએ પોતાના બિઝનેસનું પ્રેઝન્ટેશન આપ્યું હતું. સભ્ય શ્રી પ્રતિક સંઘાનીએ મિટીંગમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ત્યારબાદ બ્રંચ વિથ નેટવર્કિંગનો આનંદ લઇ સૌ સભ્યો એકબીજાને વધુ બિઝનેસ આપવાની ખાત્રી સાથે છૂટા પડયા હતા.

# પ્રોડકટીવિટી ઇમ્પ્રુવમેન્ટ ટુ ઇન્ક્રીઝ ધ પ્રોફિટ 'વિષય પર સેમિનાર



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ સાઉથ ગુજરાત પ્રોડકટીવિટી કાઉન્સીલની સાથે મળીને સોમવાર, તા. ૨૩ ઓકટોબર, ૨૦૨૩ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'પ્રોડકટીવિટી ઈમ્પ્રુવમેન્ટ ટુ ઈન્ક્રીઝ ધ પ્રોફિટ'વિષય પર સેમિનારનું આયોજન કર્યું હતું. જેમાં નિષ્ણાંત વકતા તરીકે બિઝનેસ કોચ તેમજ ગ્રીનડોટ ચીફ શ્રી નિરવ ત્રિવેદીએ ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના એસજીસીસીઆઈ એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાનીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. સાઉથ ગુજરાત પ્રોડકટીવિટી કાઉન્સીલના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી મયંક દલાલે વકતા શ્રી નિરવ ત્રિવેદીનો પરિચય આપ્યો હતો. એસજીસીસીઆઈ એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના સભ્ય શ્રી ભરત ભટ્ટે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.



# EXHIBITIONS FOR THE YEAR 2024-25

6th EDITION
YARN EXPO™
An International Trade Show
9 10 11 AUGUST 2024

The Complete B2C Expo
SPARKLE '24 INTERNATIONAL®
Gems & Jewellery Exhibition
31 Aug. - 1 & 2 Sep. 2024

10th EDITION
SITEX™
SURAT INTERNATIONAL TEXTILE EXPO
10-11-12 JAN 2025

5th EDITION
SGCCI Food & AgriTECH®
7 8 9 FEBRUARY 2025

Health & Wellness Expo
7 8 9 FEB '25

SURAT INTERNATIONAL
7th Edition
auto expo®
7-8-9-10 MARCH 2025
FUELLING THE FUTURE OF MOBILITY

Surat Startup Summit '24

SGCCI GARMENT EXPO 2024
Vendor Networking Opportunities

# EXHIBITIONS FOR THE YEAR 2023-24

8th EDITION SITEX™ SURAT INTERNATIONAL TEXTILE EXPO
8-9-10 July, 2023

5th EDITION YARN EXPO™
An International Trade Show
4 5 6 AUGUST 2023

The Complete B2C Expo
SPARKLE INTERNATIONAL '23
Gems & Jewellery Exhibition
25 26 27 AUG '23

Surat Startup Summit '23
27 28 29 OCT 2023

SGCCI GARMENT EXPO 2023
Vendor Networking Opportunities
27 & 28 DECEMBER

9th EDITION SITEX™ SURAT INTERNATIONAL TEXTILE EXPO
6-7-8 JAN 2024

4th EDITION SGCCI Food & Agri TECH®
10 11 12 FEBRUARY 2024

Health & Wellness Expo
10 11 12 FEB '24

14th Edition Udyog® 2024
23 24 25 26 FEB
Ideal Platform for MSME

SURAT INTERNATIONAL 6th Edition auto expo®
15-16-17-18 MARCH 2024
FUELLING THE FUTURE OF MOBILITY

SITME '24
SURAT INTERNATIONAL TEXTILE & MACHINERY EXPO
20 - 21 - 22 APRIL 2024

LAB GROWN DIAMOND & JEWELLERY EXPO
A COMPLETE B2B EXPO
03-04-05 MAY 2024

Vyapar
A MEGA TRADE FAIR
17-18-19 MAY 2024

SMART EDUCATION EXPO 2024
17-18-19 MAY 2024

MEGA BUILD EXPO 2024
AN EXHIBITION OF BUILDING MATERIALS
31 MAY, 1 & 2 JUNE

SGCCI Event EXPO
8-9-10 JUNE 2024

SGCCI painting EXPO
11 TO 17 JUNE 2024

**Imprint Line: 'SAMRUDDHI – Gujarati' Quarterly Magazine**

**Owner – Printer & Publisher,** Mr. Dhanendra Rajmal Patil, **Office address:** "SAMRUDDHI" Bldg. 6th Floor, SIECC, Nr. Khajod Crossing Road, Sarsana, Surat. 395007, Gujarat, India. **Editor** – Nikhil Madrasi. **Printed** at Design House, U-1, Chandan Baug Apt. Op. Gopipura, Surat, 395003 and **Published from** "SANHATI" Bldg. 6th Floor, SIECC, Nr. Khajod Crossing Road, Sarsana, Surat-395007, Gujarat, India. **Phone:** +91 261 2291111 / **Email:** info@sgcci.in / **Web.:** www.sgcci.in